અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૦૯ સપ્ટેમ્બર ૨૦૨૫, મંગળવાર | વર્ષ : ૧૭ | તંત્રી : પટેલ સુરેશ રમણલાલ | કિંમત : રૂા. ૨.૦૦
વિક્રમ સંવત ૨૦૮૧, ભાદરવા વદ ૦૨ | અંક : ૭૦ | અમદાવાદ | પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. મો. : ૯૯૯૮૮ ૫૦૯૯૨ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

**૧૯ના મોત, ઉપદ્રવીઓને ગોળી મારવાનો આદેશ**

### સેંકડો યુવાનો નેપાળની સંસદમાં ઘૂસી ગયા : તેમને રોકવા પોલીસે ટીયર ગેસના શેલ છોડ્યા અને ગોળીબાર કર્યો : કાઠમંડુમાં કર્ફ્યુ લાદવામાં આવ્યો

# નેપાળમાં સોશિયલ મીડિયા પ્રતિબંધ મુદ્દે યુવાનોનું આંદોલન બન્યું હિંસક

। (એજન્સી) કાઠમંડ, તા.૮ ।

નેપાળની રાજધાની કાઠમંડુમાં આજે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર પ્રતિબંધનો વિરોધ કરતાં મોટાપાયે Gen-Z દેખાવો થયા હતા. હજારોની સંખ્યામાં Gen-Z યુવાનો અને યુવતીઓ રસ્તા પર ઉતર્યા હતા. તેઓ સરકાર દ્વારા સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર લાદવામાં આવેલા પ્રતિબંધને પાછો ખેંચવાની માગ સાથે સંસદ ભવનમાં ઘૂસી ગયા હતા. આંદોલનકારીઓનું આ આંદોલન ઉગ્ર ન બને તે હેતુ સાથે વહીવટીતંત્રે વિસ્તારમાં કરફ્યુનો આદેશ આપ્યો હતો પરંતુ સ્થિતિ વણસતાં યુવાનો સંસદમાં ઘૂસ્યા જેના પગલે સુરક્ષાદળોએ તેમને રોકવાના પ્રયાસ રૂપે ફાયરિંગ કર્યું તો મામલો બીચક્યો. જેમાં ૧૯ વિદ્યાર્થીના મોત, જ્યારે ૨૦૦થી વધુ ઈજાગ્રસ્ત થયા હતા. નેપાળની ઓલી સરકારે ફેસબુક, યુટ્યુબ, ઈન્સ્ટાગ્રામ, અને X સહિત વિવિધ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર પ્રતિબંધ લાદવાનો નિર્ણય લીધા બાદ મોટાપાયે આંદોલનકારીઓ ઘેહ-ઢ આંદોલન સાથે રસ્તા પર ઉતરી આવ્યા છે. નેપાળમાં ઘેહ ઢ આંદોલન ઉગ્ર બન્યું છે. નેપાળની સરકારે આંદોલનકારીઓને જોતાં જ ગોળી મારવાનો આદેશ આપ્યો છે. નેપાળના પીએમએ પોલીસ અને સુરક્ષા દળોને આંદોલનકારીઓને જોતાં જ ગોળી મારવાનો આદેશ આપ્યા બાદ ઈમરજન્સી બેઠક બોલાવી છે. આંદોલનકારીઓએ સંસદનો દરવાજો તોડી નાખ્યો હતો. બાદમાં આંગ ચાંપી હતી. પોલીસ અને દેખાવકારો વચ્ચે અથડામણ હિંસક બનતાં ગોળીબાર કરવામાં આવ્યો હતો. જેમાં ૨૦૦થી વધુ લોકો ઘાયલ થયા છે. કાઠમંડુની હોસ્પિટલ ઈજાગ્રસ્તોથી ફૂલ થઈ છે. જેમાં ઘણા વિદ્યાર્થીઓને ગંભીર ઈજા થઈ હોવાથી મોતનો આંકડો વધવાની ભીતિ છે. એશિયા આઈસીસીએ નેપાળ પોલીસ અને દળોની કુમળા વિદ્યાર્થીઓ પર કરવામાં આવેલી કાર્યવાહીનો વિરોધ કર્યો છે. તેણે સોશિયલ મીડિયા પોસ્ટ પર જણાવ્યું હતું કે, નેપાળ પોલીસ અને સુરક્ષા દળોએ ભ્રષ્ટાચાર વિરૂદ્ધ આંદોલન કરી રહેલા શાળાના ગણવેશમાં સજ્જ વિદ્યાર્થીઓ પર ગોળીબાર કર્યો છે. બાળકો પર આ પ્રકારનો હુમલો નિંદાજનક છે. નેપાળ પોલીસ અને સુરક્ષા દળોના આ પગલાંની વિશ્વભરના માનવાધિકાર સંગઠનો ટીકા કરે છે. દસ હજારથી વધુ ઘેહ ઢ યુવાનોએ કાઠમંડુ, પોખરા, બુટવલ, ધારણ, ગોરાહી સહિતના શહેરોમાં વિરોધ રેલી યોજી હતી. તેઓ સુત્રોચ્ચાર કરી રહ્યા હતા કે, અમે આંદોલન કર્યું છે, અમે ભ્રષ્ટાચાર વિરૂદ્ધ લડીશું. હજારોની સંખ્યામાં યુવાનોના ટોળા રસ્તા પર ઉતરી આવતા નેપાળી આર્મી તૈનાત કરવામાં આવી છે. કાયદો અને વ્યવસ્થા જળવાઈ તે હેતુ સાથે કાઠમંડુ સહિત અમુક વિસ્તારોમાં કરફ્યુનો અમલ કરવામાં આવ્યો છે. કાઠમંડુના વિવિધ શહેરોમાં વડાપ્રધાન કેપી શર્મા ઓલી સરકાર વિરૂદ્ધ ઘેહ-ઢ રિવોલ્યૂશન શરૂ થયુ છે. મૈતીઘર, કાઠમંડુ, અને અન્ય ટોચના શહેરોમાંથી હજારોની સંખ્યામાં યુવાનો ભ્રષ્ટાચાર અને સરકારના સોશિયલ મીડિયા પર અંકુશનો વિરોધ કરતાં રેલી યોજી રહ્યા છે. તેઓએ સરકાર પર નાગરિકોની આઝાદી છીનવી લેવાનો આરોપ મૂકતાં સુત્રોચ્ચાર કર્યા છે. આંદોલનકારીઓ મોટી સંખ્યામાં સુત્રોચ્ચાર કરતાં સંસદ ભવનમાં ઘૂસી ગયા હતા. પોલીસે પરિસ્થિતિ પર કાબૂ મેળવવા ટિયર ગેસના શેલ છોડ્યા હતા. આ વિરોધ પ્રદર્શન દરમિયાન સરકારે કલાકો સુધી ફોન અને ઈન્ટરનેટ સેવાઓ સ્થગિત કરી હતી. ઉલ્લેખનીય છે, વડાપ્રધાન ઓલી સરકારે ચાર સપ્ટેમ્બરથી ફેસબુક, ઈન્સ્ટાગ્રામ, વોટ્સએપ, યુટ્યૂબ, રેડિટ, ઠ સહિત ૨૬ સોશિયલ મીડિયા એપ્સ પર પ્રતિબંધ લાદવાની જાહેરાત કરી હતી.

### ૫ રાજ્યોમાં NIAના દરોડા, ૨૨ ઠેકાણે સર્ચ ઓપરેશન

। (એજન્સી) જમ્મુ, તા.૮ ।

જમ્મુ અને કાશ્મીરમાં સોમવારે (આઠમી સપ્ટેમ્બર) વહેલી સવારે નેશનલ ઈન્વેસ્ટિગેશન એજન્સી (NIA) એ અનેક સ્થળોએ દરોડા પાડ્યા હતા. આ સાથે દેશના પાંચ રાજ્યોના લગભગ ૨૨ સ્થળો પર NIAએ દરોડા પાડ્યા છે. આ સમગ્ર મામલો આંતરિક સુરક્ષા સાથે સંબંધિત હોવાનું સામે આવ્યું છે. અહેવાલો અનુસાર, સોમવારે સવારે NIAની એક ટીમે બારામુલ્લા જિલ્લાના પટ્ટન શહેરના જંગમ ગામમાં પણ દરોડા પાડ્યા હતા. અહીં ટીમે સંબંધિત તપાસના ભાગ રૂપે ઉમર રશીદ લોનના ઘરે દરોડા પાડ્યા હતા. હાલમાં સમગ્ર મામલે NIA તરફથી કોઈ નિવેદન આવ્યું નથી. NIAની આ કાર્યવાહી એવા સમયે આવી છે.

### ACમાં પ્રચંડ બ્લાસ્ટ, પરિવારના 3 લોકોના કમકમાટીભર્યા મોત

।(એજન્સી) ફરિદાબાદ, તા.૮।

દિલ્હી નજીક હરિયાણાના ફરિદાબાદ જિલ્લામાં રવિવારે મોડી રાતે એક હૃદયદ્રાવક ઘટના સર્જાઈ હતી. ગ્રીન ફિલ્ડ કોલોનીમાં એક ફ્લેટમાં એસીમાં પ્રચંડ બ્લાસ્ટ થતાં આગ લાગી ગઈ હતી. આ દુર્ઘટનામાં ઘરમાં હાજર એક જ પરિવારના ત્રણ લોકો મોતને ભેટ્યા હતા. તેમનો પાલતુ શ્વાન પણ મૃત્યુ પામ્યો હતો. એસીમાં જોરદાર ધડાકા બાદ આગ અને ગુંગળામણના કારણે સચિન કપૂર, તેમની પત્ની રિંકુ કપૂર અને દીકરી સુજાન કપૂર મૃત્યુ પામ્યા હતા.

**મુખ્યમંત્રી ભગવંત માને ખેડૂતો માટે કરી મોટી જાહેરાત**

## રાજ્યના ખેડૂતોને હવે ૨૦,૦૦૦ રૂપિયા પ્રતિ એકરના હિસાબથી વળતર આપવામાં આવશે

। (એજન્સી) ચંડીગઢ, તા.૮ ।




પૂરથી બરબાદ થયેલા પાકનું દર્દ વેઠી રહેલા પંજાબના ખેડૂતો માટે મુખ્યમંત્રી ભગવંત માને સોમવારે મોટી જાહેરાત કરી છે. પંજાબ કેબિનેટે નિર્ણય લીધો છે કે રાજ્યના ખેડૂતોને હવે ૨૦,૦૦૦ રૂપિયા પ્રતિ એકરના હિસાબથી વળતર આપવામાં આવશે. આ વળતરની રકમ દેશભરના ખેડૂતોને મળતી સૌથી વધારે મદદ માનવામાં આવી રહી છે. સીએમ માન છેલ્લા ત્રણ દિવસથી હોસ્પિટલમાં દાખલ છે, પણ અહીંથી તેમણે વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા કેબિનેટની બેઠકમાં ભાગ લીધો અને ખેડૂતોના રાહત પેકેજને મંજૂરી આપી. તેમણે કહ્યું કે, પંજાબ સરકાર દરેક સંજોગોમાં ખેડૂતો સાથે ઊભી છે. બેઠકમાં વધુ એક મહત્ત્વના નિર્ણયને મંજૂરી આપી છે. જે અંતર્ગત જેની ખેતર, તેની રેતી યોજનાને લીલીઝંડી આપી છે. હવે જે ખેતરમાં પૂર દરમિયાન રેતી જમા થઈ છે, ત્યાંનો માલિકીનો હક ખેડૂતોને જ મળશે. એટલે કે ખેડૂતો તે રેતીને વેચીને આવક મેળવી શકશે. સરકારનો દાવો છે કે આ નિર્ણયથી ખેડૂતોને ડબલ ફાયદો થશે. એક તરફ ખેતર સાફ થશે અને બીજી તરફ તેમને આર્થિક મદદ મળશે. મુખ્યમંત્રી માને કેબિનેટ બેઠક બાદ વિસ્તારથી રાહત પેકેજની જાણકારી આપી. તેમણે કહ્યું કે, પૂરથી થયેલી તબાહીને જોતા પંજાબ સરકારે ખેડૂતો, ઢોર અને સામાન્ય લોકો માટે કેટલાય પગલાં ઉઠાવ્યા છે.

- ખેતરમાંથી માટી-રેતી ઉપાડવાની મંજૂરી- પૂરમાં આવેલી રેતને ખેડૂતો વેચી શકશે
- ૨૦ હજાર રૂપિયા પ્રતિ એકર વળતર- પાકના નુકસાનનું વળતર સીધા ચેક દ્વારા આપવામાં આવશે
- ૪ લાખ રૂપિયાનું વળતર-પૂરમાં જીવ ગુમાવનારા પરિવારને મળશે
- ઘર પડવાનો સર્વે- જેમના ઘર તૂટ્યા છે, તેમને આર્થિક મદદ આપવામાં આવશે
- દેવા પર રાહત- સરકારી સોસાયટી અને સરકારી બેંક્રોમાંથી લીધેલી લોન પર ૬ મહિના સુધી હપ્તા ચૂકવવાના નથી. વ્યાજ પણ માફ.
- ઢોર માટે વળતર- જેમના ઢોર પૂરમાં મરી ગયા છે, તેમને મદદ આપવામાં આવશે.

**ભારતે બેલ્જિયમ સાથે ડિટેલ્સ શેર કરી**

## ૧૨૦૦૦ કરોડના કૌભાંડી મેહુલ ચોક્સીનું થશે પ્રત્યાર્પણ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૮ ।



ભારત માટે મેહુલ ચોક્સીનું પ્રત્યાર્પણ હવે ચર્ચાનો વિષય બન્યો છે. ૬૬ વર્ષીય આ બિઝનેસમેન પર પંજાબ નેશનલ બેંકમાં ૧૨૦૦૦ કરોડ રુપિયાના કૌંભાડનો આરોપ છે. બેલ્જિયમના એન્ટવર્પમાં તેની ધરપકડ બાદ ભારતે તેમના પ્રત્યાર્પણ માટેના પ્રયાસો તેજ કર્યા છે. ભારતે બેલ્જિયમને ખાતરી આપી છે કે, ચોક્સીને મુંબઈની માનવ અધિકાર પ્રમાણે આર્થર જેલમાં રાખવામાં આવશે. પરંતુ હવે સવાલ એ છે કે, શું ખરેખર ચોક્સીને ત્યાં આ સુવિધા મળશે, જે ભારત દાવો કરી રહ્યું છે.? ભારતે બેલ્જિયમને એક પત્ર મોકલીને જણાવ્યું કે, ચોક્સીને આર્થર રોજ જેલમાં બેરેક નંબર ૧૨માં રાખવામાં આવશે. આ જેલમાં તેમને સ્વચ્છ સાદડી, ઓશીકું, ચાદર અને ધાબળો આપવામાં આવશે. તેમજ જો જરુર પડશે તો લાકડાં કે લોખંડનો પલંગ પણ આપવામા આવશે. તેમના વકીલનું કહેવું છે કે, તેમને કેન્સર જેવી ગંભીર બીમારી છે, જેથી તેમના સ્વાસ્થ્યનું ધ્યાન રાખવું ખાસ જરુરી છે.

ભારતનો દાવો છે કે, ચોક્સીને જેલમાં સ્વચ્છ પાણી, ૨૪ કલાક મેડિકલ સુવિધા અને સારુ ભોજન મળશે. જેલની રોજ સાફ - સફાઈ કરવામાં આવશે અને બેરેકમાં લાઈટ અને હવાની સંપૂર્ણ વ્યવસ્થા કરવામાં આવશે. તેમને દરરોજ એક કલાકથી વધારે સમય બહાર ફરવા, કસરત કરવા અને મનોરંજન માટે આપવામાં આવશે.

**સુપ્રીમ કોર્ટનો ઐતિહાસિક ચુકાદો**

## દુર્ઘટનામાં બાળક દિવ્યાંગ થાય તો ચાર ગણું વળતર

। (એજન્સી) નવી દિલ્હી, તા.૮ ।

સુપ્રીમ કોર્ટે મધ્ય પ્રદેશમાં એક દુર્ઘટનાના દાવા મામલે સુનાવણી કરતાં એક મહત્વનો ચુકાદો આપ્યો છે. સુપ્રીમ કોર્ટે કહ્યું કે, દુર્ઘટના કે અકસ્માતમાં બાળકના મૃત્યુ તથા તેના સ્થાયી રૂપે દિવ્યાંગ થવાના કિસ્સામાં તેને મળવાપાત્ર વળતરની રકમની ગણતરી કુશળ શ્રમિક રૂપે જ કરવામાં આવશે. રાજ્યમાં દુર્ઘટના સમયે કુશલ શ્રમિકનું જે લઘુત્તમ વેતન હશે, તેને બાળકની આવક રૂપે ગણી દાવાની રકમ નિર્ધારિત કરવામાં આવશે. જેના માટે દાવેદાર વ્યક્તિને સુપ્રીમ કોર્ટે લઘુત્તમ વેતન સંબંધિત દસ્તાવેજો રજૂ કરવા પડશે. સુપ્રીમ કોર્ટે જણાવ્યું કે, જો આમ નહીં થાય તો આ દસ્તાવેજો રજૂ કરવાની જવાબદારી વીમા કંપનીની રહેશે. આ ચુકાદાની નોટિફિકેશન તમામ મોટર અકસ્માત દાવા ટ્રિબ્યુનલ્સને મોકલવામાં આવશે. જેથી આ નિર્દેશોનું ચુસ્તપણે પાલન સુનિશ્ચિત કરી શકાય. અત્યારસુધી અકસ્માત કે દુર્ઘટનામાં બાળકના મૃત્યુ કે તેના સ્થાયી દિવ્યાંગ થવાની સ્થિતિમાં નુકસાનની ગણતરી નોશન ઈંક્રમ (કાલ્પનિક આવક, વર્તમાનમાં રૂ. ૩૦૦૦૦ પ્રતિ વર્ષ) અનુસાર થતી હતી. હવે રાજ્યમાં કુશળ શ્રમિકોના લઘુત્તમ વેતનના આધારે નુકસાનીનું વળતર ગણવામાં આવશે.

**રોકાણને મળશે વેગ, FTA પર પણ સહમતિની શક્યતા**

## ભારત-ઈઝરાયલ વચ્ચે દ્વિપક્ષીય રોકાણ સંધિ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૮ ।

ભારત અને ઈઝરાયલે સોમવારે એક દ્વિપક્ષીય રોકાણ સંધિ પર હસ્તાક્ષર કર્યા છે. જેમાં ભારત અને ઈઝરાયલ વચ્ચે રોકાણને પ્રોત્સાહન મળશે. નાણા મંત્રાલયે સોમવારે પોતાના X એકાઉન્ટ પરથી પોસ્ટ કરી હતી કે, ભારત અને ઈઝરાયલ સરકારે આજે નવી દિલ્હીમાં દ્વિપક્ષીય રોકાણ સંધિ (BIT) પર હસ્તાક્ષર કર્યા છે. આ કરાર પર નાણા મંત્રી નિર્મલા સીતારમણ અને ઈઝરાયલના નાણા મંત્રી બેજેલેલ સ્મોટ્રિચે હસ્તાક્ષર કર્યા હતા. ઈઝરાયલના નાણા મંત્રી સ્મોટ્રિચ ૮થી ૧૦ સપ્ટેમ્બર સુધી ત્રણ દિવસના ભારત પ્રવાસ પર છે. બેજેલેલ સ્મોટ્રિચ ભારતના વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી પિયુષ ગોયલ તથા આવાસ અને શહેરી બાબતોના મંત્રી મનોહર લાલ સાથે મુલાકાત કરશે. તેમના ભારત પ્રવાસનો ઉદ્દેશ દ્વિપક્ષીય બેઠકોના માધ્યમથી ભારત સાથે ઈઝરાયલના આર્થિક અને નાણાકીય સંબંધોને વધુ મજબૂત બનાવશે.

**પરિવાર ગણપતિ વિસર્જનમાં ગયો હતો**

## મહારાષ્ટ્રના અકોલામાં ચાકુની અણીએ સગીરા પર દુષ્કર્મ

। (એજન્સી) અકોલા, તા.૮ ।

મહારાષ્ટ્રના અકોલા શહેરમાં ગણેશ વિસર્જન દરમિયાન એક ચોંકાવનારી ઘટના સામે આવી છે. ૬ સપ્ટેમ્બરના રોજ બપોરે ૪:૩૦ વાગ્યે, ડાબકી રોડ પોલીસ સ્ટેશન વિસ્તારમાં એક ૧૬ વર્ષીય સગીર છોકરી સાથે તેના જ ઘરમાં ઘૂસીને ચાકુની અણીએ દુષ્કર્મ કરવામાં આવ્યું હોવાનો કિસ્સો સામે આવ્યો છે. આ ઘટના સમયે છોકરીના પરિવારજનો ગણેશ વિસર્જનમાં ભાગ લેવા ગયા હતા.

પોલીસ પાસેથી મળેલી માહિતી મુજબ, ૨૪ વર્ષીય આરોપી તૌહિદ સમીર બૈદ ઘરમાં ઘૂસ્યો હતો. તે સમયે છોકરીનો એક સંબંધી ત્યાંથી પસાર થઈ રહ્યો હતો અને અંદરથી અવાજ સાંભળીને તેણે આરોપીને રોકવાનો પ્રયાસ કર્યો. જોકે, આરોપીએ ચાકુ બતાવીને તેને ડરાવ્યો. આસપાસના લોકો પણ અવાજ સાંભળીને ત્યાં આવ્યા, પરંતુ આરોપીએ તેમને પણ ધમકાવ્યા. આ પરિસ્થિતિમાં, સગીર છોકરી ત્યાંથી ભાગીને નજીકના એક ઘરમાં છુપાઈ ગઈ, પરંતુ આરોપીએ પીછો કરીને ચાકુની અણીએ તેની સાથે બળજબરી કરી. છોકરીએ વિરોધ કરતાં અને બૂમાબૂમ કરતાં આરોપીએ તેને અને તેના પરિવારને જાનથી મારી નાખવાની ધમકી આપી. આ ઘટના બાદ આરોપી ત્યાંથી ફરાર થઈ ગયો.



### નિષ્ણાતો માને છે કે વિદેશી રોકાણ, ટેકનિકલ ભાગીદારી અને ગ્રીન એનર્જીના ક્ષેત્રમાં ભારતને ફાયદો થઈ શકે છે

# આખી ગેમ સેટ, ભારત અને ચીન સાથે મળીને કરશે કામ

### વિદેશી રોકાણમાં વધારો, આધુનિક ઉત્પાદન ટેકનોલોજીની પહોંચ અને સ્વચ્છ (લીલી) ઊર્જાની સપ્લાય ચેઇનમાં ભાગીદારી



। (એજન્સી) નવી દિલ્હી, તા.૮ ।

વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગ વચ્ચેની તાજેતરની મુલાકાત અને સરકાર દ્વારા કરવેરા ઘટાડાથી ભારતીય શેરબજારમાં નવો પ્રાણ ફૂંકાયો છે. નિષ્ણાતો માને છે કે આ ઘટનાઓ ભારતીય શેરબજારની નબળી સ્થિતિને સુધારી શકે છે, જે છેલ્લા કેટલાક મહિનાઓમાં અન્ય ઉભરતા બજારો કરતા પાછળ રહી ગઈ હતી. મોદી અને જિનપિંગ વચ્ચેની આ મુલાકાત ૩૧ ઓગસ્ટના રોજ ચીનના તિયાનજિન શહેરમાં થઈ હતી. આ દરમિયાન, બંને નેતાઓએ પ રસ્પર સહયોગને પ્રોત્સાહન આપવા અંગે ચર્ચા કરી. સરહદ વિવાદ, સીધી ફ્લાઈટ્સ પુનઃસ્થાપિત કરવા અને વેપાર વધારવા જેવા મહત્વપૂર્ણ મુદ્દાઓ વાટાઘાટોમાં આવ્યા. ભલે આ વાટાઘાટો મોટે ભાગે પ્રતીકાત્મક હતી, પરંતુ તેની અસર રોકાણકારોના મનોબળ પર સ્પષ્ટપણે જોવા મળી, જેનાથી બજારમાં સકારાત્મક વાતાવરણ બન્યું. ભારત અને ચીન વચ્ચે લાંબા સમયથી તણાવપૂર્ણ સંબંધો રહ્યા છે, ખાસ કરીને 2020 માં સરહદી અથડામણ પછી, જેમાં બંને પક્ષના સૈનિકોએ પોતાના જીવ ગુમાવ્યા હતા. આ પછી, ભારતમાં ચીની માલ અને કંપનીઓ સામે વિરોધ પણ જોવા મળ્યો હતો. પરંતુ હવે જ્યારે બંને દેશો પ રસ્પર સહયોગ વિશે વાત કરી રહ્યા છે, ત્યારે રોકાણકારોને આશા છે કે આનાથી ભારતને ત્રણ મહત્વપૂર્ણ ક્ષેત્રોમાં ફાયદો થઈ શકે છે, વિદેશી રોકાણમાં વધારો, આધુનિક ઉત્પાદન ટેકનોલોજીની પહોંચ અને સ્વચ્છ (લીલી) ઊર્જાની સપ્લાય ચેઈનમાં ભાગીદારી. RBC વેલ્થ મેનેજમેન્ટ એશિયાના સિનિયર ઈન્વેસ્ટમેન્ટ સ્ટ્રેટેજિસ્ટ જાસ્મિન દુઆન કહે છે કે, ભારત આ સંબંધથી વધુ ફાયદો મેળવી શકે છે, કારણ કે તે હાલમાં યુએસ ટેરિફ વધારાથી સૌથી વધુ પ્રભાવિત થઈ રહ્યું છે. રોકાણકારો આ બદલાયેલા વાતાવરણને સકારાત્મક સંકેત તરીકે જોઈ રહ્યા છે. 2025 માં અત્યાર સુધી, નિફ્ટી 50 ઈન્ડેક્સમાં માત્ર 4.6% નો વધારો થયો છે, જ્યારે બીજી તરફ MSCI ઈમર્જિંગ માર્કેટ્સ ઈન્ડેક્સમાં લગભગ 19% નો વધારો જોવા મળ્યો છે. આ વર્ષે, વિદેશી રોકાણકારોએ ભારતીય શેરબજારમાંથી લગભગ $16 બિલિયન પાછા ખેંચી લીધા હતા, જેના કારણે બજારમાં મંદી અને અનિશ્ચિતતા હતી. જોકે, હવે નિષ્ણાતોને લાગવા માંડ્યું છે કે પરિસ્થિતિ બદલાઈ શકે છે. માર્સેલસ ઈન્વેસ્ટમેન્ટ મેનેજર્સના સહ-સ્થાપક પ્રમોદ ગુબ્બી કહે છે કે ઉભરતા બજારોમાં ભારતનો હિસ્સો, જે ઘટી રહ્યો હતો, તે હવે બંધ થઈ શકે છે.

**ન્યૂઝ બ્રિફ**

### મણિપુરમાં નેશનલ હાઈવે ખુલ્યો છતાં તણાવની સ્થિતિ યથાવત

। (એજન્સી) ગુવાહાટી, તા.૮ ।

મણિપુરમાં શાંતિ પ્રક્રિયા પછી ઈમ્ફાલ-નાગાલેન્ડ વચ્ચેનો નેશનલ હાઈવે-૨ ખુલ્યો હોવા છતાં તણાવની સ્થિતિ યથાવત રહી છે. કુકી-ઝોના બે સશસ્ત્ર જૂથોએ ચેતવણી આપતા જણાવ્યું કે, આને મૈતેઈ અને કુકી વચ્ચે અનિયંત્રિત હિલચાલને સમર્થન હોવાનું ખોટું અર્થઘટન ના કરવું જોઈએ. કુકી નેશનલ ઓર્ગેનાઈઝેશન (કેએનઓ) અને યુનાઈટેડ પીપલ્સ ફ્રન્ટ (યુપીએફ)એ આ ચેતવણી કેન્દ્ર અને રાજ્ય સાથે શસ્ત્રવિરામની મંત્રણાના બે દિવસ બાદ આપી છે.આ જૂથોએ એક વર્ષ સુધી શાંતિ સ્થાપવા માટે સમજૂતિ કરી હતી જે અંતર્ગત મણિપુરની અખંડતા, કેમ્પોને સુરક્ષિત સ્થળે ખસેડવા અને રાજકીય સમાધાન માટે સહમતિ થઈ હતી. મણિપુરમાં મૈતેઈ અને કુકી સમુદાય વચ્ચે મે ૨૦૨૩થી શરૂ થયેલી વંશીય હિંસાને પગલે અત્યાર સુધીમાં ૨૬૦થી વધુની હત્યા થઈ છે જ્યારે ૬૦ હજારથી વધુ વિસ્થાપિત થયા છે.

### 'ઇઝરાયલ સાથે સંબંધોનો અંત લાવો' ઈરાન ફરી થયું 'એક્ટિવ'

। (એજન્સી) નવી દિલ્હી, તા.૮ ।

ઈરાનના સુપ્રીમ લીડર અયાતુલ્લા અલી ખામેનેઈએ મુસ્લિમ બહુમતીવાળા દેશો સહિત તમામ દેશોને અપીલ કરી છે કે, ઈઝરાયલ સાથેના તેમના રાજકીય અને વ્યાપારી સંબંધોનો અંત લાવે. જેથી તેના 'વિનાશકારી અપરાધો'નો સામનો કરી શકાય. તેમણે કહ્યું કે હાલની પરિસ્થિતિમાં 'ઝાયોની શાસન' (ઈઝરાયલ) સાથે કોઈ પણ પ્રકારનો સહયોગ સ્વીકાર્ય નથી.ખામેનેઈએ આ નિવેદન રવિવારે રાષ્ટ્રપતિ અને કેબિનેટના સભ્યો સાથેની મુલાકાત બાદ આપ્યું હતું, જે બાદમાં તેમણે પોતાના ટ્વિટર હેન્ડલ પર શેર કર્યું. તેમણે કહ્યું કે, 'મુસ્લિમ દેશોએ એકજૂથ અને મજબૂત વલણ અપનાવવું જોઈએ અને રાજદ્વારી અને આર્થિક સાધનો દ્વારા ઈઝરાયલ પર દબાણ લાવવું જોઈએ. તેમજ વ્યાપાર અને રાજકીય સંબંધો સમાપ્ત કરવા, પેલેસ્ટાઈનના મુદ્દાને સમર્થન આપવા અને પીડિતો સાથે એકજૂથતા બતાવવા માટેની એક જરૂરી પહેલ છે.

### કોલકાતામાં બર્થ-ડેની ઉજવણીમાં બોલાવી યુવતી ઉપર ગેંગરેપ

। (એજન્સી) કોલકાતા, તા.૮ ।

પશ્ચિમ બંગાળના કોલકાતામાં ફરી એક વાર સામૂહિક બળાત્કારની ઘટના બની છે. આ ઘટનાના બંને આરોપી ચંદન મિલક અને દીપની પોલીસે ધરપકડ કરી છે. પોલીસના કહેવા મુજબ બંને આરોપી પીડિતાની સાથે બર્થડે સેલિબ્રેટ કરવા ઈચ્છતા હતા. પોલીસને પ્રાથમિક તપાસમા જાણવા મળ્યું છે કે બંને આરોપીએ જે યુવતી પર બળાત્કાર કર્યો તેની ઉંમર ફક્ત ૨૦ વર્ષની છે. હરિદેવપુરની રહેવાસી પીડિતાએ આક્ષેપ લગાવ્યો છે કે ચંદન તેને જન્મદિન ઉજવવાના બહાને દીપના ઘરે લઈ ગયો હતો ત્યારે બન્ને રેપ કર્યો હતો. સૂત્રોના કહેવા મુજબ શનિવારે સવારે ૧૦-૩૦ કલાકે પીડિતા ભાગી જવામાં સફળ રહી, અને પોતાના પરિવારજનોને ઘટના અંગે વાકેફ કર્યા હતા. પોતાની ફરિયાદમાં પીડિતાએ કહ્યું કે દક્ષિણ કોલકાતાની એક મોટી દુર્ગા પૂજા સમિતિના પ્રમુખ ચંદન સાથે કેટલાક મહિના પહેલા મુલાકાત થઈ હતી.

### લાલબાગચા રાજાના દર્શન માટે લાખો ભક્તોની ભીડ જામતી હોય છે

# મહારાષ્ટ્ર, મધ્ય પ્રદેશમાં ગણેશ વિસર્જન વખતે ૯નાં ડૂબવાથી મોત

### દરિયામાં હાઈ-ટાઈડ અને ટેકનિકલ કારણથી મુંબઈના સુપ્રસિદ્ધ લાલબાગચા રાજાના વિસર્જનમાં ભારે વિલંબ

। (એજન્સી) મુંબઈ/ભોપાલ, તા.૮ ।

શનિવારે દેશભરમાં અનંત ચતુર્દશી પર્વે ભગવાન ગણેશનું ધામધૂમપૂર્વક વિસર્જન કરીને વિદાય આપવામાં આવી હતી. ગણેશ વિસર્જન દરમિયાન મહારાષ્ટ્ર અને મધ્ય પ્રદેશમાં દુંદાળા દેવની મૂર્તિને વિસર્જીત કરતી વખતે બનેલી દુર્ઘટનામાં નવ લોકોનાં ડૂબવાથી મોત થયા હોવાનું જણાયું છે. મહારાષ્ટ્રમાં થાણે, પૂણે, નાંદેડ, નાશિક, જલગાંવ અને અમરાવતી જિલ્લામાં ગણેશ વિસર્જન વખતે ચાર લોકોના ડૂબી જવાથી મોત નિપજ્યા હતા જ્યારે ૧૩ લોકો લાપતા હોવાનું અધિકારીઓએ જણાવ્યું હતું. મધ્ય પ્રદેશના રાયસેન જિલ્લાના ઘાટખેડા ગામે બે કિશોરોના વિસર્જન વખતે ડૂબવાથી મોત થયા હોવાનું પોલીસે જણાવ્યું હતું. મુંબઈમાં ગીરગાંવ ચોપાટી ખાતે વરસાદ વચ્ચે ભગવાન ગણેશના વિસર્જનની પ્રક્રિયા હાથ ધરાઈ હતી જેમાં કલાકોનો વિલંબ થયો હતો. દરિયામાં ઊંચા મોજાને પગલે મુંબઈના સુપ્રસિદ્ધ લાલબાગચા રાજાના વિસર્જનમાં અનેક અડચણો આવી હતી. સામાન્ય રીતે અરબ સમુદ્રમાં સવારના નવ કલાક સુધીમાં લાલબાગચા રાજાનું વિસર્જન કરી દેવામાં આવે છે. પરંતુ શનિવારે લાલબાગચા રાજાની ભવ્ય સવારી નિકળ્યા બાદ ૨૮ કલાક પછી પણ વિસર્જન થઈ શક્યું નહતું. દરિયાની અંદર હાઈ ટાઈડ અને ભારે કરંટને પગલે અવરોધો આવ્યા હતા. બપોર સુધીમાં ભગવાન ગણેશની વિશાળ પ્રતિમાને મિકેનિકલ રાફટ પર ગોઠવવામાં આવી હતી. લાલબાગચા રાજાના દર્શન માટે લાખો ભક્તોની ભીડ જામતી હોય છે પરંતુ તેમના વિસર્જનમાં પણ હજારો સ્વયંસેવકો અને માછીમારો ભક્તિભાવથી જોડાતા હોય છે. પ્રાપ્ત વિગતો મુજબ મુંબઈના પાલઘર જિલ્લામાં ગણેશ વિસર્જન વખતે પાણીના પ્રવાહમાં ક્રીકમાં તણાઈ ગયેલા બે શખ્સોને મરિન અધિકારીઓ સતર્કતા દાખવીને રો-રો બોટની મદદથી બચાવી લીધા હતા. મુંબઈના સાકિનાકા વિસ્તારમાં વિસર્જન વખતે ભગવાન ગણેશની પ્રતિમા વીજ વાયરના સંપર્કમાં આવતા ઈલેક્ટ્રિક કરંટથી એક વ્યક્તિનું મોત થયું હતું તથા પાંચ ઘાયલ થયા હતા. લાલબાગચા રાજાના દર્શન માટે લાખો ભક્તોની ભીડ જામતી હોય છે પરંતુ તેમના વિસર્જનમાં પણ હજારો સ્વયંસેવકો અને માછીમારો ભક્તિભાવથી જોડાતા હોય છે. પ્રાપ્ત વિગતો મુજબ મુંબઈના પાલઘર જિલ્લામાં ગણેશ વિસર્જન વખતે પ ાણીના પ્રવાહમાં ક્રીકમાં તણાઈ ગયેલા બે શખ્સોને મરિન અધિકારીઓ સતર્કતા દાખવીને રો-રો બોટની મદદથી બચાવી લીધા હતા. મુંબઈના સાકિનાકા વિસ્તારમાં વિસર્જન વખતે ભગવાન ગણેશની પ્રતિમા વીજ વાયરના સંપર્કમાં આવતા ઈલેક્ટ્રિક કરંટથી એક વ્યક્તિનું મોત થયું હતું તથા પાંચ ઘાયલ થયા હતા.

### ઓસ્ટ્રેલિયા સામે સિરીઝ પહેલા મેદાનમાં ઉતરશે

# મેદાનમાં ઉતરશે રોહિત શર્મા-કોહલી! ફેન્સમાં ખુશીની લહેર

### આગામી ત્રણ ૫૦-ઓવર ફોર્મેટ મેચ માટે ભારત A ટીમમાં પસંદ કરવામાં આવે તેવી શક્યતા છે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૮ ।

રોહિત શર્મા અને વિરાટ કોહલીએ મે 2025માં ટેસ્ટ ક્રિકેટમાંથી નિવૃત્તિની જાહેરાત કરી હતી અને IPL 2025 પછી કોઈપણ મેચ રમી નથી. આ બન્ને દિગ્ગજો ઓક્ટોબરમાં ભારતના ઓસ્ટ્રેલિયા પ્રવાસ દરમિયાન ODI સિરીઝમાં રમતા જોવા મળશે. હવે એક રિપોર્ટ સામે આવ્યો છે, જેનાથી RO-KO ફેન્સમાં ખુશીની લહેર ફેલાઈ ગઈ છે. રિપોર્ટ એ છે કે, રોહિત શર્મા અને વિરાટ કોહલી ઓસ્ટ્રેલિયા પ્રવાસ પહેલા મેદાનમાં ઉતરી શકે છે. તે આ મહિને ટીમ ઈન્ડિયાની જર્સીમાં જોઈ શકાય છે. સુપરસ્ટાર બેટ્સમેન વિરાટ કોહલી અને ભારતના ODI કેપ્ટન રોહિત શર્માને ઓસ્ટ્રેલિયા છ ટીમ સામે આગામી ત્રણ ૫૦-ઓવર ફોર્મેટ મેચ માટે ભારત છ ટીમમાં પસંદ કરવામાં આવે તેવી શક્યતા છે. ભારત A ટીમ ૩૦ સપ્ટેમ્બર, ૩ ઓક્ટોબર અને ૫ ઓક્ટોબરના રોજ કાનપુરના ગ્રીન પાર્ક સ્ટેડિયમમાં ઓસ્ટ્રેલિયા A સામે ત્રણ બિનસત્તાવાર ODI મેચ રમવાની છે. હિન્દુસ્તાન ટાઈમ્સના એક રિપોર્ટ અનુસાર, 'કોહલી અને રોહિતને આ ત્રણ ૫૦-ઓવર મેચ માટે પસંદ કરી શકાય છે.' એવા અહેવાલો છે કે, કોહલી આ મહિને ભારત આવી શકે છે અને બેંગલુરુમાં ફિટનેસ ટેસ્ટ કરાવી શકે છે. તમને જણાવી દઈએ કે, રોહિત અને કોહલી બન્નેએ IPL ૨૦૨૫ સીઝન પછી તરત જ ટેસ્ટ ક્રિકેટમાંથી નિવૃત્તિની જાહેરાત કરીને ફેન્સને ચોંકાવી દીધા હતા. ત્યારથી બન્નેમાંથી કોઈએ સ્પ ર્ધાત્મક ક્રિકેટ રમ્યું નથી. કોહલી હાલમાં લંડનમાં પરિવાર સાથે સમય વિતાવી રહ્યો છે. જો કોહલી અને રોહિત ઈન્ડિયા છમાં જોડાય છે, તો ટીમ મજબૂત બનશે સાથે જ આ મેચ ભારતના ઓસ્ટ્રેલિયા પ્રવાસ પહેલા બન્ને માટે પ્રેક્ટિસ મેચ તરીકે કામ કરશે.બન્નેએ ચેમ્પિયન્સ ટ્રોફીમાં પોતાની છેલ્લી મેચ રમી હતી. ભારતીય ક્રિકેટ ટીમ આવતા મહિને ઓસ્ટ્રેલિયાનો પ્રવાસ કરશે અને ત્રણ મેચની ODI અને ૫ મેચની T20 સિરીઝ રમશે. ૫૦ ઓવરની મેચો અનુક્રમે ૧૯, ૨૩ અને ૨૫ ઓક્ટોબરે પર્થ, એડિલેડ અને સિડનીમાં રમાશે, જેમાં રોહિત અને વિરાટ પણ રમતા જોવા મળશે. જ્યારે અનુક્રમે ૫ T20 મેચ ૨૯ ઓક્ટોબર, ૩૧ ઓક્ટોબર, ૨ નવેમ્બર, ૬ નવેમ્બર અને ૮ નવેમ્બરે કેનબેરા, મેલબોર્ન, હોબાર્ટ, ગોલ્ડ કોસ્ટ અને બ્રિસ્બેનમાં રમાશે. રોહિતે ઓસ્ટ્રેલિયા સામે ૪૬ ODIમાં ૨૪૦૭ રન બનાવ્યા છે, જ્યારે કોહલીએ ૬ વખતની વિશ્વ ચેમ્પિયન ટીમ સામે અત્યાર સુધી રમાયેલી ૫૦ મેચોમાં ૨૪૫૧ રન બનાવ્યા છે.

# EB-5 : ભારતીય રોકાણકારો માટે સોનેરી તક

। (એજન્સી) અમદાવાદ, તા.૮ ।

અમદાવાદના વિવાંતા એસજી હાઈવે ખાતે યોજાયેલી બેઠક દરમિયાન અમેરિકાના જાણીતા ઈમિગ્રેશન એટર્ની શ્રી નાદાદુર કુમાર (જેમને ૩૦ વર્ષથી વધુનો અનુભવ છે) એ જણાવ્યું કે હાલનો સમય ભારતીય રોકાણકારો માટે EB-5 પ્રોગ્રામનો લાભ લેવા માટે શ્રેષ્ઠ છે. શ્રી કુમારે મીડિયાને સંબોધતા એક મોટો ભ્રમ દૂર કર્યો. તેમણે સ્પષ્ટ કર્યું કે અમેરિકાના ગ્રીન કાર્ડ મેળવવાથી ભારતીય નાગરિકતાનો ત્યાગ કરવો પડતો નથી. આ માત્ર એક વિકલ્પ છે, ફરજિયાત નથી. સાથે જ તેમણે ''વ્હાઈટ પાસપોર્ટ'' કે જેને રી-એન્ટ્રી પરમિટ કહેવાય છે તેની જાણકારી આપી, જે હેઠળ રોકાણકારો બે વર્ષ સુધી અમેરિકા બહાર રહી શકે છે અને જરૂરી હોય તો આ અવધિ લંબાવી પણ શકે છે. તેમણે ખાસ નોંધ્યું કે હાલ ભારતીયો માટે EB-5 વિઝાનો બેકલોગ સામાન્ય કરતા ઓછો છે, એટલે કે આ એક દુર્લભ તક છે. પરંતુ આગળ જતા ભારતમાંથી માંગ વધશે અને રાહ લાંબી બનશે. અમેરિકાના ઈમિગ્રેશન કાયદા મુજબ દર વર્ષે દરેક દેશ માટે ફક્ત 7% ગ્રીન કાર્ડની મર્યાદા છે. ભારતમાંથી F-1, H-1B અને EB-5 માટે પહેલેથી જ ભારે માંગ છે, તેથી વિલંબ વધવાનું સ્વાભાવિક છે. તેમણે જણાવ્યું કેઃ ''આ સોનેરી તક હંમેશા નહીં રહે.'' ભારતીય અરજદારો માટે EB-5 કેવી રીતે વિકસ્યું તેની ચર્ચા કરતાં તેમણે કહ્યું કે અગાઉ આ માર્ગ મોટાપાયે લોકપ્રિય ન હતો. પરંતુ ઘરભાડાં અને મિલ્કતના ભાવમાં વધારો થતાં લોકો હવે ઘરમૂલ્યના આધાર પર રોકાણ કરી શકે છે. ઘણી વખત માતા-પિતા પણ બાળકોને સહાયરૂપ થાય છે. અમેરિકા ખાતે F-1થી H-1Bમાં પરિવર્તન પામેલા વિદ્યાર્થીઓ કે કર્મચારીઓ પણ તેમની આર્થિક પ્રગતિનો લાભ લઈ EB- 5 તરફ આગળ વધી રહ્યા છે. તેમણે નાણાકીય વાસ્તવિકતાઓ પણ સમજાવી. EB-5 માટે ઓછામાં ઓછું ૮ લાખ અમેરિકન ડોલર (અંદાજે ૬ થી ૭ કરોડ રૂપિયા)નું રોકાણ જરૂરી છે. તેથી ઘણા પરિવારો મળીને ફંડ એકત્ર કરે છે. તેમણે ચેતવણી આપી કે કેટલાક રીજનલ સેન્ટરો જે ઊંચા વ્યાજે ટૂંકા ગાળાના લોન આપતા હોય છે, તેના ફંદામાં ન ફસાવું. આવા લોન લીધા બાદ બે વર્ષમાં રોજગાર સર્જન કરવાની ફરજ મુશ્કેલ બની શકે છે. તેમણે સ્પષ્ટ સલાહ આપીઃ ''તમારી પાસે પૈસા છે તો સીધું રોકાણ કરો. બે વર્ષની ફરજ નિશ્ચિત રીતે પૂર્ણ કરો. એ જ સફળતાનો રસ્તો છે.'' EB-5 પ્રોગ્રામની સ્થિરતા વિશે વાત કરતાં તેમણે કહ્યું કે કાયદામાં દાયકાઓથી કોઈ મોટો ફેરફાર થયો નથી. હા, કાયદાની વ્યાખ્યા કે અમલીકરણમાં ક્યારેક ફેરફાર થતો રહે છે. ઉદાહરણ તરીકે, તાજેતરમાં કેટલાક વિદ્યાર્થીઓના F-1 વિઝા રદ થયા હતા પણ થોડા સમયમાં ફરીથી મંજૂર પણ થયા. એટલે કે કાયદો મજબૂત છે, ફક્ત અમલીકરણમાં સમયસર અવરોધ આવી શકે. અંતમાં, શ્રી કુમારે રોકાણકારોને સાવચેત રહેવાની સલાહ આપી. ''મશરૂમની જેમ ઊગેલા ઘણા પ્રમોટરો અસંભવિત લોન આધારિત યોજનાઓ વેચે છે. આવા લોકોને ટાળો. હંમેશા કાયદેસર, વિશ્વસનીય માર્ગદર્શન લો. સાવચેત રહો તો બચી જશો,'' એમ તેમણે કહ્યું. તેમણે ઉમેર્યું કે હવે EB-5 કોઈ નિશ માર્ગ નથી રહ્યો, પરંતુ ખાસ કરીને STEM ક્ષેત્રના વિદ્યાર્થીઓ અને પ્રોફેશનલો માટે ખુબ લોકપ્રિય વિકલ્પ બન્યો છે. માંગ ઝડપથી વધી રહી છે, કાયદાકીય માળખું સ્થિર છે અને હાલની તક ધીરે ધીરે બંધ થવાની છે. તેથી પરિવારોએ સમયસર અને સમજપૂર્વક નિર્ણય લેવો જરૂરી છે.

**નાણામંત્રી સીતારમણનો અમેરિકાને જવાબ**

## ભારત રશિયા પાસેથી તેલ ખરીદવાનું ચાલુ રાખશે




। (એજન્સી) નવી દિલ્હી, તા.૮ ।

અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ ટેરિફ મામલે સતત દબાણ કરવા છતાં અને ભારતથી આયાત થતા માલસામાન પર ૫૦ ટકા સુધી વધારાના ટેરિફ લાદવા છતાં ભારતે રશિયા પાસેથી ક્રૂડ ઓઈલની ખરીદી ચાલુ રાખવાનો નિર્ણય કર્યો છે. શુક્રવારે કેન્દ્રીય નાણામંત્રી નિર્મલા સીતારમણે આ અંગે સ્પષ્ટ નિવેદન આપ્યું છે કે, ભારત રશિયા પાસેથી ખરીદી ચાલુ રાખશે અને ઉર્જા સંબંધિત નિર્ણયો સંપૂર્ણપ ણે રાષ્ટ્રીય હિતના આધારે લેવાય છે. અમેરિકાએ ભારતીય પ્રોડક્ટ પર ૨૫ ટકાનો વધારાનો ટેરિફ ઝિંક્યો છે, જેના કારણે ભારત પરનો કુલ ટેરિફ ૫૦ ટકા થયો છે. સીતારમણે એક મીડિયા ચેનલને આપેલા ઈન્ટરવ્યૂમાં કહ્યું કે, 'ભારત રશિયા પાસેથી ક્રૂડ ઓઈલ ખરીદવાનું ચાલુ રાખશે. આપણી જરૂરિયાત મુજબ ક્યાંથી તેલ ખરીદવું તે આપણે નક્કી કરવાનું છે. આ નિર્ણય દેશના હિતના આધારે લેવામાં આવશે. રશિયા પાસેથી તેલ ખરીદવાની વાત હોય કે બીજું કંઈ... અમે કિંમતો, લોજિસ્ટિક્સ અને અન્ય બાબતોને ધ્યાનમાં રાખીને આપણી જરૂરિયાતો મુજબ નિર્ણય લઈશું. તેલ ખરીદવું વિદેશી મુદ્રા સાથે સંબંધિત બાબત હોવાથી અમે અમારી સુવિધા પ્રમાણે નિર્ણય લઈશું.' નાણામંત્રીનું આ નિવેદન એવા સમયે આવ્યું છે જ્યારે અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ રશિયા પાસેથી તેલ ખરીદીને યુક્રેન પરના યુદ્ધને વેગ આપવાનો ભારત પર આરોપ લગાવી રહ્યા છે. આ કારણે, અમેરિકાએ ૨૭ ઓગસ્ટથી ભારતીય વસ્તુઓ પર ૫૦ ટકા ટેરિફ ઝિંક્યો છે. એટલું જ નહીં ટ્રમ્પે આગામી મહિનાઓમાં વધુ પ્રતિબંધો ઝિંકવાની પણ ધમકી આપી છે. ટ્રમ્પે કહ્યું હતું કે, જો ભારત રશિયા પાસેથી ક્રૂડ ઓઈલ ખરીદવાનું ચાલુ રાખશે, તો તેને દંડ ચૂકવવો પડશે. આના જવાબમાં નિર્મલા સીતારમણે કહ્યું કે GST દરોમાં થયેલા સુધારાથી ટેરિફના દબાણને ઘટાડવામાં મદદ મળશે.

### આકાશ ચોપરાની ભવિષ્યવાણી

# આ વખતે એશિયા કપમાં ટીમ ઇન્ડિયા બાજી મારશે

### ખિતાબી મેચમાં ભારતનો સામનો અફઘાનિસ્તાન સામે થશે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૮ ।

એશિયા કપ ૨૦૨૫ની શરૂઆત ૯ સપ્ટેમ્બરે યુએઈ ખાતે રમાવા જઈ રહી છે. યજમાન યુએઈ અને ભારત સિવાય આ ટુર્નામેન્ટમાં પાકિસ્તાન, શ્રીલંકા, બાંગ્લાદેશ, અફઘાનિસ્તાન, ઓમાન અને હોન્ગ કોંગની ટીમો ભાગ લઈ રહી છે. ટુર્નામેન્ટ શરૂ થતા પહેલા ક્રિકેટ પંડિત અલગ અલગ ભવિષ્યવાણીઓ કરી રહ્યાં છે. આ કડીમાં ભૂતપૂર્વ બેટ્સમેન આકાશ ચોપરાએ ટુર્નામેન્ટના વિજેતા અને રનરઅપથી લઈને હાઈએસ્ટ સ્કોરર અને સૌથી વધુ વિકેટ લેનાર ખેલાડીઓને લઈને ભવિષ્યવાણી કરી છે. એશિયા કપ ૨૦૨૫માં આ ૮ ટીમોને ૪-૪ના ગ્રુપમાં વહેંચવામાં આવી છે. ગ્રુપ છ માં ભારત-પ ાકિસ્તાન સાથે યૂએઈ અને ઓમાન છે. જ્યારે ગ્રુપ - મ્માં શ્રીલંકા અફઘાનિસ્તાન સાથે બાંગ્લાદેશ અને હોન્ગ કોંગની ટીમ છે. આકાશ ચોપરા અનુસાર આ વખતે એશિયા કપમાં ટીમ ઈન્ડિયા બાજી મારશે. પરંતુ ફાઈનલમાં શ્રીલંકા અને પાકિસ્તાન જેવી મોટી ટીમો નહીં હોય. પરંતુ ખિતાબી મેચમાં ભારતનો સામનો અફઘાનિસ્તાન સામે થશે. અફઘાનિસ્તાને છેલ્લી કેટલીક મલ્ટિનેશન ટુર્નામેન્ટમાં શાનદાર પ્રદર્શન કર્યું છે.

આકાશ ચોપરાનું માનવું છે કે, ઓપ નર બૅટ્સમૅન અભિષેક શર્મા ટુર્નામેન્ટમાં સૌથી વધુ રન બનાવનાર બેટ્સમેન હશે. જ્યારે સૌથી વધુ વિકેટ વરુણ ચક્રવર્તીના ખાતામાં જશે. જો પ્લેયર ઓફ ધ ટુર્નામેન્ટની વાત કરીએ તો એ પણ કોઈ ભારતીય ખેલાડી જ હશે અને એ ખેલાડી બીજું કોઈ નહીં પરંતુ સ્ટાર ઓલરાઉન્ડર હાર્દિક પંડ્યા હશે.

### રશિયાએ બનાવી કેન્સરની વેક્સિન

# વિજ્ઞાનીઓએ તમામ ટ્રાયલમાં રસીની સફળતાનો કર્યો દાવો

। (એજન્સી) મોસ્કો, તા.૮ ।

રશિયાએ કેન્સર સામેની લડાઈમાં એક નવી સફળતા મેળવી છે. ત્યાની ફેડરલ મેડિકલ એન્ડ બાયોલોજિકલ એજન્સી (FMBA) FMBA એ કેન્સરની વેક્સિન તૈયાર કરી છે. FMBD ના પ્રમુખ વેરોનિકા સ્કવોર્ટ્સોવાએ કહ્યું કે, રશિયન એન્ટરમિક્સ કેન્સર વેક્સિન હવે ઉપયોગ માટે તૈયાર થઈ ગઈ છે. આ mRNA-આધારિત વેક્સિને તેની સલામતી અને અસરકારકતા સાબિત કરીને તમામ પ્રીક્લિનિકલ પરીક્ષણો સફળતાપૂર્વક પાસ કર્યા છે. આ વેક્સિનનું પ્રાથમિક લક્ષ્ય કોલોરેક્ટલ કેન્સર (કોલોન કેન્સર) હશે. રશિયન સમાચાર એજન્સી TASS ના રિપોર્ટ પ્રમાણે રશિયાની કેન્સર વેક્સિને શાનદાર પ્રદર્શન કર્યું છે અને FMBA ના વડા વેરોનિકા સ્કવોર્ટ્સોવાએ ઈસ્ટર્ન ઈકોનોમિક ફોરમ (EEF) ખાતે આની જાહેરાત કરી છે. સ્કવોર્ટ્સોવાએ કહ્યું કે, આ સંશોધન ઘણા વર્ષો સુધી ચાલ્યું અને તેમાં છેલ્લા ત્રણ વર્ષ માત્ર ફરજિયાત પ્રીક્લિનિકલ અભ્યાસો જ કરવામાં આવ્યા હતા. જે બાદ હવે વેક્સિન સંપૂર્ણપણે ઉપયોગ કરવા તૈયાર છે. હવે અમે અધિકૃત મંજૂરીની રાહ જોઈ રહ્યા છીએ. તેમણે કહ્યું કે, પ્રીક્લિનિકલ ટ્રાયલ્સ વેક્સિનની સલામતી, વારંવાર ઉપયોગ છતાં તેની અસરકારકતાની પુષ્ટિ કરે છે. આ સમયગાળા દરમિયાન સંશોધકોએ ટ્યૂમરના કદમાં ઘટાડો અને વિકાસમાં ઘટાડો જોયો. આ ઉપરાંત, અભ્યાસોમાં દર્શાવવામાં આવ્યું છે કે, વેક્સિનના કારણે દર્દીના જીવિત રહેવાના દરમાં વધારો કરે છે. આ વેક્સિનનો શરુઆતનું લક્ષ્ય કોલોરેક્ટલ કેન્સર હશે. આ ઉપરાંત, ગ્લિઓબ્લાસ્ટોમા (મગજનું કેન્સર) અને ઓક્યુલર મેલાનોમા (આંખના કેન્સરનો એક પ્રકાર) સહિત ચોક્કસ પ્રકારના મેલાનોમા માટે વેક્સિન વિકસાવવામાં આશાં બંધાઈ છે.

## તંત્રી લેખ...

### PM મોદી અને ફ્રાંસના પ્રમુખ મેક્રોનની ટેલિફોનિક વાતચીત

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ શનિવારે (૬ સપ્ટેમ્બર) ફ્રાન્સના રાષ્ટ્રપતિ ઈમેન્યુઅલ મેક્રોં સાથે ટેલિફોન પર વાતચીત કરી હતી. બંને નેતાઓએ ભારત-ફ્રાન્સ વચ્ચેના દ્વિપક્ષીય ભાગીદારીમાં થયેલી પ્રગતિની સમીક્ષા કરી હતી. આ ઉપરાંત યુક્રેનમાં ચાલી રહેલા સંઘર્ષને સમાપ્ત કરવાના પ્રયાસો અંગે પણ ચર્ચા કરી હતી. વડાપ્રધાન મોદીએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર માહિતી આપી છે. તેમણે લખ્યું છે કે, 'રાષ્ટ્રપતિ મેક્રોં સાથે ખૂબ જ સારી વાતચીત થઈ. અમે વિવિધ ક્ષેત્રોમાં દ્વિપક્ષીય ભાગીદારીમાં થયેલી પ્રગતિની સમીક્ષા અને સકારાત્મક મૂલ્યાંકન કર્યું હતું. અમે યુક્રેનમાં સંઘર્ષને વહેલી તકે સમાપ્ત કરવાના પ્રયાસો સહિત આંતરરાષ્ટ્રીય અને પ્રાદેશિક મુદ્દાઓ પર વિચારોનું આદાનપ્રદાન કર્યું હતું.' ઉલ્લેખનીય છે કે, પીએમ મોદી અને મેક્રોન વચ્ચે ટેલિફોનિક વાતચીત થયાના બે દિવસ પહેલા તેમની અને યુરોપિયન કમિશનના પ્રમુખ ઉર્સુલા વૉન ડેર લેયેન વચ્ચે પણ વાતચીત થઈ હતી. વૉન ડેર લેયેને કહ્યું હતું કે, ત્રણ વર્ષથી ચાલી રહેલા રશિયા-યુક્રેનના યુદ્ધને સમાપ્ત કરાવવામાં ભારતની મહત્વની ભૂમિકા છે. અમે રાષ્ટ્રપતિ વલોદિમીર ઝેલેન્સ્કી અને ભારત વચ્ચેના સતત સહયોગનું સ્વાગત કરીએ છીએ. યુક્રેનમાં રશિયાને તેના આક્રમક યુદ્ધને સમાપ્ત કરવામાં અને શાંતિનો માર્ગ બનાવવામાં મદદ કરવા માટે ભારતની મહત્વપૂર્ણ ભૂમિકા છે.

### શુભેચ્છા સંદેશ

પ્રતિ, તંત્રી શ્રી, શ્રી સુરેશભાઈ આર પટેલ ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત દૈનિક પરિવાર, અમદાવાદ.

જય માતાજી, પંદર વર્ષ પહેલાં ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત દૈનિક રૂપે અવતરણ થર્યું. આજના ઝડપી ઈલેક્ટ્રોનિક મીડિયા યુગમાં દૈનિક અખબાર ચલાવી લોકશાહીને જીવંત રાખવા મથામણ કરવી તે બહુ કઠીન કામ છે ત્યારે ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત દૈનિક લોકશાહીને ઉજાગર કરે તેવી ડગર પર ચાલતાં ચાલતાં પંદર વર્ષની સફર પુરી કરી સોળમા વર્ષમાં સોમવારે મંગળ પ્રવેશ કર્યો છે ત્યારે **"HAPPY BIRTHDAY TO CHENAL NINE NET WORK GUJARAT"** થી અભિનંદન પાઠવું છું. લોકશાહીની ચોથી જાગીરી આ રીતે શ્રેષ્ઠ ભૂમિકા ભજવતાં ભજવતાં પ્રજામાં લોકપ્રિય બની રહે તેવી હાર્દિક શુભેચ્છા પાઠવું છું. ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત ને તટસ્થ સાચી દિશામાં દોરનાર તંત્રીશ્રી, તથા સ્ટાફ પરિવારની સેવાને બિરદાવું છું. આજના અતિ ઝડપી ઈલેક્ટ્રોનિક-સોશિયલ મિડિયા વચ્ચે ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત તેની તટસ્થ નિષ્પક્ષ ભૂમિકા ભજવતાં દરેક જિલ્લામાં ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત દૈનિકનો ફેલાવો વધ્યો છે. આનાથી આગળ વધી એક ઊચ્ચ કોટીનું અખબાર બની રહે એ જ અંતર ના આશિષ શુભકામના સહ.. ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત ને જન્મદિનની શુભેચ્છા પાઠવું છું. યશપાલસિંહ ટી વાઘેલા લેખક,દરબારગઢ શ્રી ઓગડ વિદ્યા મંદિર થરા

**આપણને એમ થાય કે ભગવાને આ વળી કેવું દ્રષ્ટાંત આપ્યું!: સીધો અર્થ તો એ છે કે જે તત્વતઃ**

# ગાય, હાથી, કૂતરો, અને ચંડાળ, આ પ્રાણીનાં દ્રષ્ટાંતથી ભગવાન શ્રીકૃષ્ણ શેનો બોધ આપે છે?



**સદગુરુ વચનામૃત**
સંકલન ફાલ્ગુની વસાવડા (ભાવનગર)

**ભગવાને અહીં સાત્વિકતાથી તામસી બુદ્ધિ સુધીની કેટેગરીનું વર્ણન કર્યું છે, એટલે કે સારા માણસને જોઈને આપણને સારો ભાવ થાય એ સહજ વાત છે! જોકે આજકાલ તો સમાજ સારાને સારા તરીકે એટલો સહજતાથી સ્વીકારી શકતો નથી, અને એમાં ત્રૂટિ શોધે છે. પરંતુ જે તે સમયમાં આ ગીતાનો ઉદ્ઘોષ થયો, ત્યારે પણ માણસો તો લગભગ આવાં જ હતાં ,અને એટલે તો દુર્યોધન પાંડવોને સંપત્તિ આપવા નહોતો માંગતો**

હે ઈશ્વર.

આપના શ્રીચરણોમાં અમારા સહ પરિવાર સાદર સાષ્ટાંગ પ્રેમ પ્રણામ. રંગેચંગે ગણેશોત્સવ પતી ગયો અને સહજ જ્ઞાન રૂપી એને અંતરમાં સ્થાપી એનું સ્થૂળ રુપે વિસર્જન કર્યું. ગીતામાં સહજ જ્ઞાન અથવા બ્રહ્મ જ્ઞાન માટે એક શ્લોક છે આજે એના પર ચિંતન કરીશું. વિદ્યાવિનયસંપન્ને બ્રાહ્મણે ગવિ હસ્તિનિ, શુનિ ચૈવ શ્વપાકે ચ પણ્ડિતાઃ સમદર્શિનઃ. આપણે જાણીએ છીએ કે મનુષ્ય સારું ખરાબ ગ્રહણ એના શરીરના નવ દ્વારમાંથી કરે છે, એટલે કે પરમાત્માએ જન્મ આપ્યો ત્યારે અંદર મન હતું તે શુદ્ધ હતું અંતઃકરણ હતું તે શુદ્ધ હતું, અને એટલે જ પરમાત્મા સ્વરૂપ આત્મા પણ પ્રસન્ન હતો. પરંતુ શારીરિક અને માનસિક વિકારનું કારણ કોઈને કોઈ રીતે આ નવ દ્વાર દ્વારા ગ્રહણ કરવામાં આવતું કોઈ તત્વતઃ પદાર્થ કે તત્વતઃ જ્ઞાન રુપે અજ્ઞાન ગ્રહણ કરી લેવાથી આ બધી સમસ્યા થાય છે. એટલે કે અંદરનું અંતઃકરણ અશુદ્ધ થાય છે, મન દ્વેષભાવ અથવા તો દ્વિધા ભાવનો અનુભવ કરે છે, અને પછી કેટલીય પ્રકારનાં વિકારો અંદર પ્રવેશી જાય છે. એને કારણે મનુષ્ય પોતે કર્તા છે, એવું સમજવા લાગે છે. પરંતુ હકીકતમાં ભગવાન અર્જુનને કહે છે કે, પરમાત્મા માણસોનાં કર્તાપણાને, કર્મોને, કર્મ ફળનાં સંયોગને સર્જતા નથી. પણ સ્વભાવ અર્થાત ત્રિગુણમય પ્રકૃતિ જ આ બધું કરાવે છે, અને મનુષ્ય હું કરું! હું કરું! માં જિંદગી વેડફી નાખે છે. તેમજ સર્વવ્યાપી પરમેશ્વર કોઈના પાપ કર્મને ગ્રહણ કરતો નથી કે કોઈના પુણ્ય કર્મને ગ્રહણ કરતો નથી, પણ મનુષ્યનું જ્ઞાન અજ્ઞાનથી ઢંકાયેલું રહે છે, પરંતુ જે મનુષ્યને તત્વજ્ઞાન પ્રાપ્ત થઈ ગયું છે, એટલે કે મારું સત્વ મારો આત્મા છે, અને એ પરમાત્માનો અંશ છે, એવું જ્ઞાન સૂર્યની જેમ પ્રકાશમય બને છે, અને એ સચ્ચિદાનંદ ઘન સ્વરૂપ આત્મારૂપી પરમાત્માનો સાક્ષાત્કાર કરાવે છે, અને જીવન પર્યંત રાહ અજવાળે છે. એવાં મનુષ્યનું મન પરમાત્મામાં લીન છે, એની બુદ્ધિ પણ તદ્રુપ છે, અને તેનો આત્મા નિરંતર એકત્વ ભાવે પરમાત્મામાં સ્થિત છે, અને તે પરમ ગતિને પામે છે, એટલે કે મુક્તિ મેળવે છે. સ્વયં યોગ યોગેશ્વર ભગવાન ક્રિષ્ન જ્ઞાનની વાતનું આટલું તથ્ય જણાવતા હોવા છતાં અર્જુનની દ્વિધા સમાપ્ત થતી નથી, અને તે હજી યુદ્ધ કરવાનો નિર્ણય કરતો નથી, આથી ભગવાન તેને ભગવત ગીતાના પાંચમા અધ્યાયના ૧૮ માં શ્લોકમાં સમજાવે છે કે, હે અર્જુન! એવા જ્ઞાની જનો વિદ્યા અને વિનયશીલ બ્રાહ્મણમાં તથા ગાય, હાથી, કુતરા, અને ચંડાળમાં એ સમાન દ્રષ્ટિ વાળા જ હોય છે.

આપણને એમ થાય કે ભગવાને આ વળી કેવું દ્રષ્ટાંત આપ્યું!: સીધો અર્થ તો એ છે કે જે તત્વતઃ જ્ઞાનને પ્રાપ્ત કરી ચૂક્યો છે, એ યોગીજનને પછી વિદ્યા વિનય વાળા બ્રાહ્મણ, ગાય, હાથી, કુતરાં, કે ચંડાલ દરેકમાં એ જ આત્મરૂપી પરમાત્માનાં દર્શન થાય છે. કારણ કે અંતે કોઈપણ પ્રાણીજન્ય જીવનો આત્મા પરમાત્માનું સ્વરૂપ છે, આવું સ્વયં ભગવાને જ કહ્યું છે. પરંતુ તો ભગવાન સર્વ પ્રાણીમાં સમાન દ્રષ્ટિથી જુએ છે એમ કહી શક્યા હોત! પણ આ ચાર કેટેગરી બતાવવાનું કારણ શું છે? ભગવાને અહીં સાત્વિકતાથી તામસી બુદ્ધિ સુધીની કેટેગરીનું વર્ણન કર્યું છે, એટલે કે સારા માણસને જોઈને આપણને સારો ભાવ થાય એ સહજ વાત છે! જોકે આજકાલ તો સમાજ સારાને સારા તરીકે એટલો સહજતાથી સ્વીકારી શકતો નથી, અને એમાં ત્રૂટિ શોધે છે. પરંતુ જે તે સમયમાં આ ગીતાનો ઉદ્ઘોષ થયો, ત્યારે પણ માણસો તો લગભગ આવાં જ હતાં ,અને એટલે તો દુર્યોધન પાંડવોને સંપત્તિ આપવા નહોતો માંગતો. આપણે ઘણીવાર ચિંતનમાં કહ્યું છે તેમ, માત્રા ભેદ જ યુગ પરિવર્તનનું કારણ બન્યું! એટલે આપણે ધારીએ તો કળિયુગને આપણી સાત્વિકતા વધારીને સતયુગમાં ફેરવી શકીએ ખરા! અને સાત્વિકતા તરફ લોકોની રુચિ વધતી જાય છે, એની પરથી કહી શકાય કે શરુઆત થઈ ચૂકી છે. એટલે જ પૂજ્ય મોરારીબાપુ પણ કથામાં કહેતા હોય છે કે, મને તો આ કળિયુગ નહી પણ કથા યુગ દેખાય છે.

ગાય★: ગાયને જોઈને લગભગ સૌ કોઈને એનામાં પરમાત્માના દર્શન થાય, અને આપણે ત્યાં તો ગાયને ૩૩ કરોડ દેવ દેવીઓનું સ્થાન બતાવ્યું છે. આપણી સંસ્કૃતિમાં ગાયને માતા કહી છે, અને તેની પૂજા કરવામાં આવે છે. એટલે સામાન્ય માણસ પણ ગાયમાં પરમાત્માના દર્શન કરે, એમાં યોગ વિદ્યા કે તત્વતઃ જ્ઞાન વાળા કોઈ યોગી જન જ ગાયમાં એ જ આત્મસ્વરૂપ પરમાત્માના દર્શન કરી શકે, એવી કોઈ જરૂર નથી. દેશ કાળ પ્રમાણે અત્યારે ગાયોની કતલ થાય છે, અને જે આપણી સંસ્કૃતિ માટે સૌથી વધુ ખતરો ઊભી કરનારી વાત છે! જે ન થવું જોઈએ એ બધું સાવ સહજતાથી થાય એને જ કદાચ કળિયુગ કહેવાય! પણ જે થયું તે ખોટું થયું એ વિચાર સતયુગનું પ્રમાણ છે. ટૂંકમાં ગાય સાત્વિક બુદ્ધિનું પ્રમાણ દર્શાવે છે, અને એટલે એનામાં સહજતાથી આત્મરૂપ પરમાત્માના દર્શન કરી શકાય.

હાથી★★: હાથી રાજસી બુદ્ધિ એટલે કે ભોગવાદી માનસિકતા ધરાવતું પ્રાણી છે, પરંતુ એના નિયત સમયે જ તે ભોગમાં પ્રવૃત્ત રહે છે, અને એનો સંવર્ધન કાળ પણ બહુ ટૂકો બતાવ્યો છે, પણ ૨૨ મહિના સુધીનો ગર્ભ અવધિકાળ છે. આ ઉપરાંત તે લગભગ એક જ બચ્ચાને જન્મ આપે છે, ક્યારેક જ બે! પ્રાણી માટે એ પણ તેની એક સિદ્ધિ છે. તેને કોઈ છંછેડે નહીં ત્યાં સુધી એ બીજા કોઈને નડતરરૂપ પણ થતું નથી, એ સદા પોતાની મસ્તીમાં રહેનારું પ્રાણી છે.

કૂતરાં★★: કુતરા તામસી બુદ્ધિનું પ્રમાણ છે, અને એ ઘાતક પણ હોય છે, એ આપણે સૌ કોઈ જાણીએ છીએ, હા એ વફાદાર હોય છે, એ તેને ખાસિયત છે. પરંતુ મોટેભાગે પાંચ કે છ બચ્ચાને જન્મ આપે છે, એટલે જેમ જેમ તામસી બુદ્ધિ વધે તેમ એ પોતાના જેવા વધુનું સર્જન કરે. આ ઉપરાંત કુતરાને ભસવાની આદતો હોય છે, અને ભોગ માટે એની જીભ સતત લબલબ થતી જોવા પણ મળે છે. એને ગમે ત્યાં મોઢું મારવાની પણ ટેવ હોય છે, આ બધું તામસી બુદ્ધિને પ્રેરક હોવાથી ભગવાને તેનું ઉદાહરણ લીધું, અને આવી બુદ્ધિ વાળામાં પણ જે આત્મસ્વરૂપ પરમાત્માના દર્શન કરે તેને યોગી કહેવાય.

ચંડાળ★★: અતિ તામસી બુદ્ધિનું પ્રતીક એટલે ચંડાળ, આપણે ઘણીવાર આ શબ્દપ્રયોગ પણ કરતાં હોઈએ છીએ. કોઈની પ્રત્યે ધૃણા થાય ત્યારે આપણે આ શબ્દનો પ્રયોગ કરીએ છીએ અતિ નિમ્નસ્તરે જનારી પ્રવૃત્તિ કરનારો ચંડાળ કહેવાય છે, અને એવા અધમ અને પાપી શરીરમાં પણ આત્મસ્વરૂપ એ જ પરમાત્માના દર્શન કરવાં તે ખરેખર બહુ અઘરું છે. એટલે કે ન ઈચ્છવા છતાં પણ પક્ષપાત થઈ જતો હોય છે. પરંતુ ચંડાળમાં એની પ્રવૃત્તિ કે એની માનસિકતા માટે એ જવાબદાર નથી, એવું જ્ઞાન જેને લાગે તે જ ખરેખર તત્વતઃ પરમાત્માને પામી ગયું છે, એવું અહીં ભગવાન કહેવા માંગે છે.

ટૂંકમાં કોઈને કોઈ રીતે આપણી ત્રિગુણી બુદ્ધિ અને આપણી ત્રિગુણાત્મક શ્રદ્ધાને કારણે જ આપણી માનસિકતા કે આપણી પ્રકૃતિ આપણા કર્મ બંધનનું કારણ છે, અને એ જ આપણા સાચા જ્ઞાનને ઢાંકી દે છે, એવો અહીં સ્પષ્ટ નિર્દેશ કર્યો છે! આપણે સૌ સૂક્ષ્મચિંતન કરી આપણી માનસિકતા ગાય, હાથી, કુતરાં ,કે ચંડાલ કોના જેવી છે, તે નક્કી કરી અને બને એટલા સાત્વિક બનવા પ્રયત્ન કરી શકીએ, તેમજ સામેવાળામાં આત્મસ્વરૂપ પરમાત્માના દર્શન કરી શકીએ, એવી એક અનન્ય પ્રાર્થના ઈશ્વર ચરણે રાખી, હું મારા શબ્દોને આજે અહીં જ વિરામ આપું છું. ફરી મળીશું નવા ચિંતન મનન સાથે, તો સૌને મારા આજના દિવસના સ્નેહ વંદન અને જય સીયારામ.


**મેઘહેલી વચ્ચે આજે આપણે ભગવદ્ ગીતા જ્ઞાનમાં જોઇએ તો**

# જળનું સહજ સ્વરૂપએ શીતળતા,આત્માનું સહજ સ્વરૂપએ આનંદ થાય છે



**વિશેષ**
યશપાલસિંહ ટી. વાઘેલા (દરબાર ગઢ, થરા)

**મા,સંસારના જડ પદાર્થમાં આનંદ નથી. આનંદ જ્યારે જ્યારે મળે છે ત્યારે તે ચેતન પરમાત્માના સંબંધ થી મળે છે.જીવ કપટી છે. પરમાત્મા ભોળા છે. જીવ ઉપક્ષા કરે છે તો પણ તેના અપરાધની પરમાત્મા ક્ષમા કરે છે.આનંદએ બ્રહ્મસ્વરૂપ છે. જીવાત્મા પણ આનંદરૂપ છે.જીવ અજ્ઞાનથી આનંદને બહાર શોધવા જાય છે.**



જગતમાં સાચુ સુખ ક્યાં છે?સાચો આનંદ ક્યાં છે?જે આનંદ નો વિનાશ ન થાય તેવો નિત્ય- આનંદ મને બતાવો! દેવહુતીએ પ્રશ્ન કર્યો. ઈન્દ્રિયોના લાડ ઘણા કર્યા,પણ મનને શાંતિ નથી.સમય જાય એટલે ખબર પડે છે કે, વિષયોના આનંદમાં સાર નથી. ઈન્દ્રિયો માગે તે વિષયો ઈન્દ્રિયોને આપ્યા છતાં તૃપ્તિ થતી નથીઅને ઈન્દ્રિયો રોજ નવા નવા વિષયો માગે છે.જીવ રસ સુખ તરફ ખેંચે છે.આંખ રૂપ ના સુખ તરફ ખેંચે છે.ત્વચા સ્પર્શ ના સુખ તરફ ખેંચે છે. જીભ કહે છે કે,બે મહિનાથી મેં ઢોકળા ખાધાં નથી. અરે પણ આજ સુધી માં તેં કેટલી વખત ખાધાં તે યાદ કરને!ઢોકળાં ખવડાવી જીભને રાજી કરી,તો આંખો કહે, તેં બે માસથી ફિલ્મ જોઈ નથી.પૈસા ખર્ચીને અંધારામાં બેસેએ સુધર્યા કહેવાય કે બગડ્યા?કેટલાક કહે છે,અમે તો ધાર્મિક ફિલ્મ જોઈએ છીએ.ધાર્મિક ચિત્રો પણ ન જોવાય કારણ કે રામનો પાઠ ભજવનાર ક્યાં રામ હોય છે? રામનો પાઠ ભજવનાર પરસ્ત્રીને કામ ભાવથી જોતો હોય તો તેની ફિલ્મમાં શું જોવું?રામ જેવો કોઈ રામનો પાઠ ભજવેતો અસર થાય નરસિંહ મહેતાની ફિલ્મ જોઈને જે ફિલ્મ નહોતા જોતા એવા ભક્તો ફિલ્મ જોતા થયા.પણ ફિલ્મો જોનારો કોઈ નરસિંહ મહેતો થયો હોય તો દેખાડો! તમે કહેશો કે,હું કડક બોલું છું પણ હું જે જોઉં છું તે કહું છું. વિલાસનાં ચિત્રો જોવાથી જીવન બહુ બગડે છે.

શંકર સ્વામીએ એક જગ્યાએઆ ઈન્દ્રિયોને ચોર કહી છે.ઈન્દ્રિયો ચોર કરતાં પણ બૂરી છે. ચોર જેના આધારે હોય ત્યાં ચોરી કરતો નથી.ચોર જેના ઘરમાં રહેતો હોય તેને ત્યાં ચોરી કરતો નથી. ત્યારે ઈન્દ્રિયો તો પોતાના પતિ આત્માને જ છેતરે છે.તેને ત્યાંથી ચોરી કરે છે!આથી દેવ હુતિ પુત્રને કહે છે કે,આ ચોરરૂપી ઈન્દ્રિયોથી હવે મને કંટાળો આવ્યો છે.જગતમાં સાચું સુખ સાચો આનંદ ક્યાં છે તે મને બતાવો અને તે આનંદ મેળવવાનું સાધન શું છે તે બતાવો.કપિલ ભગવાનને આનંદ થયો.તે બોલ્યા મા,આનંદએ તો આત્માનું સ્વરૂપ છે.અજ્ઞાનથી જીવ જડ વસ્તુમાં આનંદ શોધે છે.પણ આનંદ જડ વસ્તુમાં રહી શકેનહીં સંસારના વિષયો સુખ આપે છે,પણ આનંદ આપતા નથી અને જે સુખ આપે છે તે તેમને દુઃખ પણ આપશે. પરંતુ ભગવાન તમને હંમેશાં આનંદ આપશે.આનંદએ પરમાત્માનું સ્વરૂપ છે.સંસારનું સુખ દરાજને ખંજવાળવા જેવુંછે દરાજને ખંજવાળો ત્યારે સુખ જેવું લાગે છે,પણ ખંજવાળથી નખના ઝેરથી દરાજ વધે છે. ઉત્તમમાં ઉત્તમ મીઠાઈ ગળા સુધી હોય ત્યાં સુધી સ્વાદવાળી લાગેછે જગતના પદાર્થોમાં આનંદ નથી, આનંદનો ભાસ માત્રછે. આ જગત દુઃખરૂપ છે. ગીતાજીમાં પણ કહ્યું છે કે,ક્ષણભંગુર અને સુખરહિત એવા આ જગતને અથવા મનુષ્ય શરીરને પ્રાપ્ત કરીને તું મારું જ ભજન કર.વિષયો અને ઈન્દ્રિયોને લગતું સુખ આરંભમાં અમૃત જેવું લાગે છે,પણ અંતે તે વિષમય પુરવાર થાય છે.

ઈન્દ્રિયોથી સુખની તૃપ્તિ થતીનથી ઈન્દ્રિયો વિવેકરૂપી ધનનું હરણ કર્યા પછી જીવને સંસારરૂપી ખાડામાં નાખે છે.બહારના વિષયો માં આનંદ નથી, સુખ નથી.ખરો આનંદ બહાર નથી,અંદર જ છે આત્મામાંછે. આનંદએ અવિનાશી અંતર્યામીનું સ્વરૂપ છે. એની એક નક્કર સાબિતી એ કે જો શરીરમાં આનંદ હોય તો તેમાંથી પ્રાણ નીકળી ગયા પછી લોકો તેને સાચવી રાખતા કેમ નથી?જડ પદાર્થમાં આનંદનો ભાસ થાય છે તે ચૈતન્ય સ્પર્શથી થાય છે.બે શરીરના સ્પર્શથી સુખમળતું નથી. પણ પ્રાણ એક થાય છે એટલે આનંદ જેવું લાગે છે. પ્રાણ ભેગા થાય તો સુખ થાય છે,ત્યારે અનેક પ્રાણો જેમાં મળ્યા છે તે પરમાત્માને મળવાથી કેટલો આનંદ થાય!

બહારના વિષયોમાં આનંદ નથી, પરંતુ ચિત્તમાં-મનમાં આત્માનું પ્રતિબિંબ પડે છેતેથી આનંદ જેવું લાગેછે.ઈન્દ્રિયોને મનગમતોપદાર્થ મળે એટલે ઈન્દ્રિયોવિષયમાં તદ્રૂપ થાય છે,એટલે મન થોડીવાર એકાગ્ર થાય પરિણામે ચિત્તમાં આત્માનું પ્રતિ બિંબ પડે છે તેથી આનંદનો ભાસ થાય છે. આનંદએ આત્માનું સહજ સ્વરૂપ છે.શીતળતા એ જળનું સહજ સ્વરૂપ થાય છે તેમ.

મા,આત્મા તો નિત્ય શુદ્ધ છે. આનંદ સ્વરૂપ છે. સુખ-દુઃખ એ મનના ધર્મો છે.મન નિર્વિષય એટલે આનંદ મળે છે. દ્દશ્યમાંથી દ્દષ્ટિને હટાવી દ્દષ્ટામાં દ્રષ્ટિનેસ્થિર કરે તો આનંદ મળે.

મા,જો વિષયોમાં આનંદ હોય તો સર્વને સર્વકાળે એકસરખો આનંદ આપે.તૃપ્ત થયેલા માણસ પાસે શિખંડ મૂકો તો તેને નહીં ભાવે. માંદા માણસ પાસે માલપૂડા મૂકો તો તેને નહીં ભાવે. એટલે આનંદ શિખંડ,માલપૂડા એટલે કે વિષયો માં નથી,જડ પદાર્થોમાં નથી. શિખંડમાં આનંદ હોય તો જેને તાવ આવ્યો હોય તેને પણ શિખંડ ખાવાથી આનંદ મળવો જોઈએ, પણ તેને આનંદ મળતો નથી. એટલે શિખંડમાં આનંદ નથી તે પ્રમાણે બધા વિષયોનું સમજવાનું છે.

સંસારના પદાર્થોમાં આનંદ નથી, પણ ઈન્દ્રિયોને મનગમતા વિષય મળે એટલે ઈન્દ્રિય બહારથી અંત મુંખ થાય છે.અંતર્મુખ થયેલા મન માં ઈશ્વરનું પ્રતિબિંબ પડે છે. એટલે આનંદ થાય છે. મન અંદર આવે છે એટલે આનંદ મળે છે તે મન બહાર જાય છે એટલે આનંદ ઊડી જાય છે.કલ્પના કરો કે,શેઠ શિખંડ-પૂરી જમવા બેઠા છે. ત્યાં મુંબઈની પેઢીમાંથી તાર આવે છે કે,પેઢી ડૂબી ગઈ છે.એ જ શિખંડ તરત ઝેર જેવો બની જાય છે.એ શિખંડ હવે મોંમાં જતો નથી.

મા,સંસારના જડ પદાર્થમાં આનંદ નથી. આનંદ જ્યારે જ્યારે મળે છે ત્યારે તે ચેતન પરમાત્માના સંબંધ થી મળે છે.જીવ કપટી છે. પરમાત્મા ભોળા છે. જીવ ઉપક્ષા કરે છે તો પણ તેના અપરાધની પરમાત્મા ક્ષમા કરે છે.આનંદએ બ્રહ્મસ્વરૂપ છે. જીવાત્મા પણ આનંદરૂપ છે.જીવ અજ્ઞાનથી આનંદને બહાર શોધવા જાય છે. બહારનો આનંદ વધારે ટકતો નથી

સુખદુઃખએ મનના ધર્મ છે.જન્મ મરણ એ શરીરના ધર્મ છે.ભૂખ અને તરસએ પ્રાણનો ધર્મ છે. સુખદુઃખ મનને થાય એટલેઆત્મા કલ્પે છે કે,મને દુઃખ થાય છે.મનને થયેલા સુખદુઃખના આરોપઅજ્ઞાન થી આત્મા પોતાનામાં કરે છે. આત્મા તો સ્ફટિક જેવો શુદ્ધ નિર્મળ છે.તેમાં વિષયોનુંપ્રતિબિંબ પડવાથી મનને લીધે આત્મા માને છે કે,મને દુઃખ થયું. સ્ફટિક મણિ પાછળ જેવા રંગનું ફૂલ રાખશો તો તેનો તેવો રંગ દેખાશે,પણ તે રંગ સ્ફટિકમણિનો નથી પણ ફૂલનો છે.

જળમાં ચંદ્રમાનું પ્રતિબિંબ પડે છે ત્યારે જળના હલનચલનને કારણે તે પ્રતિબિંબ હાલતું ચાલતું દેખાય છે અથવા કંપિત દેખાય છે.પણ ચંદ્રમાને તે પ્રમાણે થતું નથી.તેમ દેહાદિના ધર્મો પોતાના માં નહીં હોવા છતાં જીવાત્મા તે પોતાના માં કલ્પી લે છે.બાકી જીવાત્મા નિર્લેપ છે. જીવાત્મામાં જણાતા દેહાદિના ધર્મો નિષ્કામ ભાગવત ધર્મનું અનુસરણ કરવાથી, ભગવાનની કૃપાથી અને તે દ્વારા થયેલા ભગવાન પરના ભક્તિ યોગથી ધીમે ધીમે દૂર થાય છે.જે ભક્તિનિષ્ઠ થાય છે,તે સમસ્ત લોકમાં પરમાત્માને વ્યાપેલો જુએ છે.

સંસારના વિષયોમાંથી સર્વ પ્રકારે હટી ગયેલું મન ઈશ્વરમાં લીન થાય છે.મન નિર્વિષ્ય બને છે. ત્યારે આનંદરૂપ થાય છે.જીવ જેવો કોઈ લુચ્ચો નથી અને ઈશ્વર જેવો કોઈ ભોળો નથી. બીજાને માટે કરવું પડે છે તો ત્રાસ થાય છે, પણ પોતાનાં સગાં માટે કરવું પડે તો આનંદ થાય છે. રાત્રે અગિયાર વાગ્યે કોઈ મહારાજ બહારગામથી આવશે તો મન કહેશે કે, આ લપ ક્યાંથી આવી? પણ જો રાત્રે બાર વાગ્યે પિયરથી કોઈ ભાઈ આવે ને કહે કે,નાસ્તો કરીને આવ્યો છું. ભૂખ નથી. તો પણ તેને શીરો-પૂરી કરી જમાડશે. આ બધો મનનો ખેલ છે.મન બહુ લુચ્ચું છે.'મારું અને તારું'એ મન ના ઊભા કરેલા ખેલ છે. ખરેખર મનએ જ બંધન અને મોક્ષના કારણરૂપ છે.

વાચક ચાહક મિત્રો સૌને જય માતાજી સુપ્રભાત આજે વરસાદી માહોલમાં આપણે ભગવદ્ ગીતા જ્ઞાનમાં અહીં અટકીએ અસ્તુ.

# ખિલાડી કુમારની દિલેરી, પંજાબના પૂર પીડિતો માટે ૫ કરોડ આપ્યા



**દરેક આફતમાં મદદનો હાથ લંબાવવા માટે જાણીતા અક્ષય કુમાર જરૂરિયાતમંદોને મદદ કરવા આગળ આવ્યા છે**

ભારે વરસાદને કારણે, આખું પંજાબ આ દિવસોમાં પૂરનો સામનો કરી રહ્યું છે. આ આફતમાં ૪૩ લોકોએ જીવ ગુમાવ્યા છે. ૨૩ જિલ્લાઓના હજારો ગામડાઓ સંપૂર્ણપણે પાણીમાં ડૂબી ગયા હતા. આ કટોકટીમાં પંજાબના લોકોને મદદ કરવા માટે બોલિવૂડ પણ આગળ આવ્યું છે. આ દરમિયાન, અભિનેતા અક્ષય કુમારે લોકોને મદદ કરવા માટે ૫ કરોડ રૂપિયા આપવાની જાહેરાત કરી છે.અક્ષય કુમારે કહ્યું, 'હું આ અંગે મારા મંતવ્ય પર અડગ છું. હા, હું પંજાબના પૂર પીડિતો માટે રાહત સામગ્રી ખરીદવા માટે ૫ કરોડ રૂપિયા આપી રહ્યો છું, પરંતુ હું કોણ છું કોઈને 'દાન' આપનાર? જ્યારે મને મદદનો હાથ લંબાવવાની તક મળે છે, ત્યારે હું ધન્ય અનુભવું છું. મારા માટે, આ મારી સેવા છે, મારું એક નાનું યોગદાન છે. હું પ્રાર્થના કરું છું કે પંજાબમાં મારા ભાઈ-બહેનો પર પડેલી આ કુદરતી આફત જલ્દી દૂર થાય.નોંધનીય છે કે દરેક આફતમાં મદદનો હાથ લંબાવવા માટે જાણીતા અક્ષય કુમાર જરૂરિયાતમંદોને મદદ કરવા આગળ આવ્યા છે. તેમણે ચેન્નાઈ પૂર, કોવિડ-૧૯ મહામારી અને ભારત કે વીર પહેલ દ્વારા સૈનિકોના પરિવારોને સહાય પૂરી પાડવા સહિત આપત્તિ રાહત કાર્યમાં નોંધપાત્ર યોગદાન આપ્યું છે.અક્ષય કુમાર ઉપરાંત, અભિનેતા દિલજીત દોસાંઝ, સોનુ સૂદ, રણદીપ હુડા, કરણ ઔજલા જેવા દિગ્ગજ હસ્તીઓએ આ મુશ્કેલ સમયમાં મદદનો હાથ લંબાવ્યો છે. આ ઉપરાંત, શિલ્પા શેટ્ટીના પતિ રાજ કુંદ્રાએ તેમની ફિલ્મ 'મેહર' ની પ્રથમ દિવસની કમાણી પૂર પીડિતો માટે દાન કરવાની જાહેરાત કરી છે આ ઉપરાંત, શિલ્પા શેટ્ટીના પતિ રાજ કુંદ્રાએ તેમની ફિલ્મ 'મેહર' ની પ્રથમ દિવસની કમાણી પૂર પીડિતો માટે દાન કરવાની જાહેરાત કરી છે.





# હોરર ફિલ્મોના શોખીનોએ ધ કોન્જ્યુરિંગઃ લાસ્ટ રાઈટ્સ' જોવી જ રહી

**હોરર ફિલ્મોની દુનિયામાં સૌથી ડરામણી ગણાતી 'ધ કોન્જ્યુરિંગ યુનિવર્સ' ની પહેલી ફિલ્મ ૨૦૧૩ માં આવી હતી**

હોરર ફિલ્મોની દુનિયામાં સૌથી ડરામણી ગણાતી 'ધ કોન્જ્યુરિંગ યુનિવર્સ' ની પહેલી ફિલ્મ ૨૦૧૩ માં આવી હતી. પહેલી ફિલ્મ એટલી ભયાનક હતી કે તેણે દર્શકોના હૃદય અને મનને હચમચાવી નાખ્યા. હવે 'ધ કોન્જ્યુરિંગઃ લાસ્ટ રાઈટ્સ' આ અઠવાડિયે ૫ સપ્ટેમ્બરે રિલીઝ થઈ છે. શરૂઆતના દિવસની કમાણી એ વાતનો પુરાવો આપી રહી છે કે દર્શકો આ ફિલ્મની કેટલી રાહ જોઈ રહ્યા હતા.આ અઠવાડિયે, ઘણી ફિલ્મો થિયેટરોમાં રિલીઝ થઈ હતી, જેમાંથી 'ધ કોન્જ્યુરિંગઃ લાસ્ટ રાઈટ્સ' એ સૌથી વધુ કમાણી કરી છે. આ ફિલ્મની વાર્તા પેરાનોર્મલ નિષ્ણાતો વોરેન દંપતી વિશે છે, જ્યાંથી ભય અને આતંકની શ્રેણી શરૂ થઈ હતી. આ ફિલ્મમાં વેરા ફાર્મિગા અને પેટ્રિક વિલ્સન છે, જે શરૂઆતથી જ ફ્રેન્ચાઈઝના ચહેરા રહ્યા છે. ગર્ભવતી લોરેન (વેરા ફાર્મિગા) અને એડ (પેટ્રિક વિલ્સન) એક શૈતાની અરીસા સામે પડે છે, જેના પછી તેનો કાળો પડછાયો તેમની ગર્ભમાં ઉછરતી પુત્રી પર પડે છે. જેમ જેમ જુડી (મિયા ટોમલિન્સન) મોટી થાય છે, તેમ તેમ તે ભયાનક સપના અને વિચિત્ર લાગણીઓથી ઘેરાયેલી રહે છે.'ધ કોન્જ્યુરિંગ ૪' આ ફિલ્મને લઈને દુનિયાભરના દર્શકોમાં ઘણો ક્રેઝ છે. આ ફિલ્મે ફક્ત ચાલી રહેલી ફિલ્મો જ નહીં પરંતુ આ અઠવાડિયે રિલીઝ થયેલી બધી ફિલ્મોને પણ પાછળ છોડી દીધી છે. અહેવાલ મુજબ, આ ફિલ્મે શરૂઆતના દિવસે ૧૮ કરોડ રૂપિયાની કમાણી કરી છે. આર-રેટેડ હોરર ફિલ્મે શુક્રવારે યુએસ બોક્સ ઓફિસ પર ૩૦ મિલિયન ડોલરની કમાણી કરી છે. એવું માનવામાં આવે છે કે તે પહેલા સપ્તાહના અંતે ૬૫ મિલિયન ડોલરથી વધુ કમાણી કરશે. અંતિમ આંકડા હજુ રાહ જોવાઈ રહ્યા છે.આ હોરર ફિલ્મ સાચી ઘટનાઓ પર આધારિત છે. દિગ્દર્શક માઈકલ શોવિટ્ઝે સ્મર્લ હોન્ટિંગ ઈન્વેસ્ટિગેશનને તેનો આધાર બનાવ્યો છે.

### બિગ બી ફિલ્મ સેક્શન ૮૪માં જોવા મળશે

# બાળકોને સમય ન આપી શક્યાનો બીગ બીને આજે પણ વસવસો



અમિતાભ બચ્ચન આજકાલ કૌન બનેગા કરોડપતિ શો હોસ્ટ કરી રહ્યા છે.જેમાં બિગ બી તેમના અંગત અને વ્યાવસાયિક જીવનની કેટલીક વાર્તાઓ પણ કહે છે જેના વિશે લોકો ઓછા જાણે છે. બિગ બીએ તાજેતરના એપિસોડમાં તેમના જીવનના એક મોટા અફસોસ વિશે જણાવ્યું.બિગ બીને તે દિવસો યાદ છે જ્યારે તેઓ કામમાં ખૂબ વ્યસ્ત રહેતા હતા અને તે સમયે જયા બંને બાળકો અભિષેક અને શ્વેતાનું સંપૂર્ણ ધ્યાન રાખતા હતા. તેમને અફસોસ છે કે તેઓ બાળકો સાથે વધુ સમય વિતાવી શકતા ન હતા.બિગ બીએ કહ્યું, 'અમારું ઘરનું વાતાવરણ ખૂબ જ સરળ હતું. જયા બાળકોની સંભાળ રાખતી, અમે કામ પર જતા. તેણીએ બધું જોયું છે. અને અમારા મનમાં આ અફસોસ રહ્યો છે કે અમે સવારથી રાત સુધી કામ કરતા હોવાથી બાળકો સાથે વધુ સમય વિતાવી શકતા ન હતા. જ્યારે અહું સવારે જતો ત્યારે બાળકો સૂતા હોય અને હું પાછો આવું ત્યાં સુધીમાં મોડી રાત થઈ ગઈ હોય અને ત્યારે પણ બાળકો સુતા હોય. તેથી અમને સમય મળતો ન હતો, તેથી જયા તેનું ધ્યાન રાખતી હતી. ક્યારેક હું ઈચ્છું છું કે હું અભિષેક કે શ્વેતા સાથે સમય વિતાવી શકું.બિગ બીએ આગળ કહ્યું, 'પછી એવું નક્કી થયું કે હું રવિવારે કામ નહીં કરું અને તે દિવસ બાળકો માટે હતો.' અમે સાથે રમતા હતા અથવા કંઈક કરતા હતા અને આજે પણ અમારા ઘરમાં એ પરંપરા ચાલી રહી છે કે રવિવારે આખો પરિવાર સાથે બેસીને ભોજન કરે છે.અમિતાભની ફિલ્મોની વાત કરીએ તો, તેઓ છેલ્લે ફિલ્મ વેત્તૈયાંમાં જોવા મળ્યા હતા.

### મલાઈકા અરોરાએ માર્ચ ૨૦૧૮માં આ એપાર્ટમેન્ટ ૩.૨૬ કરોડમાં ખરીદ્યું હતું

# ફિટનેસ આઈકોન મલાઈકા અરોરાએ વૈભવી ફ્લેટ વેચી ૨ કરોડનો નફો કર્યો



**મલાઈકાનું આ એપાર્ટમેન્ટ ૧૩૬૯ ચોરસ ફૂટમાં બનેલું છે. તેમાં પાર્કિંગ સ્પેસ પણ શામેલ છે**

બોલીવુડ દિવા મલાઈકા અરોરા તેની ફિટનેસ તેમજ ડાન્સ માટે જાણીતી છે. ૫૧ વર્ષની ઉંમરે પણ, મલાઈકા એટલી ફિટ છે કે દરેક તેને જોઈને દંગ રહી જવાય છે. મલાઈકા તેની ફિટનેસનું ખાસ ધ્યાન રાખે છે. તે વર્કઆઉટની સાથે ડાયેટ પણ ફોલો કરે છે, જેના કારણે મલાઈકા ચાહકોમાં હેડલાઈન્સમાં રહે છે. મલાઈકા અરોરા પણ પોતાના અંગત જીવનને કારણે સમાચારમાં રહે છે. મલાઈકાએ તાજેતરમાં જ પોતાનું એપાર્ટમેન્ટ વેચી દીધું છે. જેના કારણે તેને મોટો નફો થયો છે.અહેવાલો અનુસાર, મલાઈકા અરોરાએ મુંબઈના અંધેરી વેસ્ટમાં પોતાનું એપાર્ટમેન્ટ ૫.૩ કરોડમાં વેચી દીધું છે. મલાઈકાનું આ એપાર્ટમેન્ટ ૧૩૬૯ ચોરસ ફૂટમાં બનેલું છે. તેમાં પાર્કિંગ સ્પેસ પણ શામેલ છે. આ ડીલ માટે, મલાઈકાએ લગભગ ૩૧.૦૮ લાખની સ્ટેમ્પ ડ્યુટી અને ૩૦૦૦૦ ની નોંધણી ફી ચૂકવી છે.મલાઈકા અરોરાએ માર્ચ ૨૦૧૮ માં આ એપાર્ટમેન્ટ ૩.૨૬ કરોડમાં ખરીદ્યું હતું. તેને ૫.૩ કરોડમાં વેચીને, મલાઈકાને ૨.૦૪ કરોડનો નફો થયો છે. મલાઈકાને ૭ વર્ષમાં આ મિલકતમાંથી ૬૨ ટકા નફો થયો છે.મલાઈકા અરોરાએ મોડેલિંગમાં પ્રવેશતા પહેલા એમટીવી ઈન્ડિયા સાથે વીજે તરીકે પોતાની કારકિર્દી શરૂ કરી હતી. તેણે ઘણી જાહેરાતો અને લોકપ્રિય મ્યુઝિક વીડિયોમાં કામ કર્યું છે, જેમાં જસ અરોરા સાથે બલી સાગુની ગુડ નાલો ઈશ્ક મીઠાનો સમાવેશ થાય છે. મલાઈકાને મણિરત્નમની ૧૯૯૮ની ફિલ્મ દિલ સેના છૈયા છૈયા ગીતથી લોકપ્રિયતા મળી હતી. જેમાં જસ અરોરા સાથે બલી સાગુની ગુડ નાલો ઈશ્ક મીઠાનો સમાવેશ થાય છે. મલાઈકાને મણિરત્નમની ૧૯૯૮ની ફિલ્મ દિલ સેના છૈયા છૈયા ગીતથી લોકપ્રિયતા મળી હતી.

# ક્રિકેટ બાદ હવે ફિલ્મી પિચ પર મહેન્દ્ર સિંહ ધોનીની ઓપનિંગ?

**વીડિયો ઇન્સ્ટાગ્રામ પર અપલોડ થયા બાદ થોડા સમયમાં વાયરલ થયો અને યુઝર્સે કમેન્ટમાં જોરદાર પ્રતિક્રિયાઓ આપી**

મુંબઈઃ ક્રિકેટના મહારથી એવો મહેન્દ્ર સિંહ ધોની ક્રિકેટ જગતમાંથી નિવૃત થયા બાદ બ્રાન્ડ પ્રમોશનમાં જોવા મળતો રહે છે. જોકે ક્રિકેટ બાદ હવે તે ફિલ્મ જગતમાં પણ પોતાનો સિક્કો અજવા જઈ રહ્યો છે. ૭ સપ્ટેમ્બરે બોલીવુડ અભિનેતા આર. માધવને સોશિયલ મીડિયા પર એક વીડિયો શેર કર્યો, આ વીડિયો તેની આગામી ફિલ્મ 'ધ ચેઝ'નું ટીઝર હતુ. સૌથી મોટું આશ્ચર્ય એ છે કે તેમાં માધવન સાથે ક્રિકેટર મહેન્દ્ર સિંહ ધોની પણ પૂર્ણ ભૂમિકામાં જોવા મળશે. તે ટાસ્ક ફોર્સ અધિકારી તરીકે દુશ્મનો પર ગોળીઓ વરસાવતો દેખાય છે. જો કે, માધવને સ્પષ્ટ કર્યું નથી કે આ ફિલ્મ છે, વેબ સિરીઝ છે કે પછી બીજુ કંઈ. હાલ તો તેની તમામ વિગતો ગુપ્ત રાખવામાં આવી છે.ટીઝરમાં માધવન અને ધોનીને બે જાબાઝ અધિકારી તરીકે બતાવવામાં આવ્યા છે, જે 'એક મિશન' પર છે. બંને યુનિફોર્મ પહેરીને દેખાયા છે. ધોનીને શાંત અને વિચારશીલ 'કુલ હેડ' તરીકે બતાવવામાં આવ્યા છે, જ્યારે માધવનને રોમાટીક અધિકારી તરીકે બતાવાયા છે. આ વીડિયોમાં કહેવાયું છે કે આ એક મનોરંજક એક્શન-થ્રિલર શો હશે. કાળા ચશ્મા પહેરેલા માધવન અને ધોની દુશ્મનો પર તેજ ગતિએ ગોળીઓ વરસાવતો જોવા મળે છે.ક્લિપ શેર કરતા માધવને કેપ્શનમાં લખ્યું, ''એક મિશન. બે જાબાઝ. તૈયાર થઈ જાઓ- એક તોફાની અને વિસ્ફોટક ચેઝ શરૂ થવાની છે. ધ ચેઝ- ટીઝર હવે બહાર છે.'' તેને વસન બાલા દ્વારા ડિરેક્ટ કરવામાં આવ્યું છે. પરંતુ અંતમાં ક્યાંય પણ નથી લખાયું કે જો ફિલ્મ છે તો તે ક્યારે




રિલીઝ થશે. માત્ર 'કમિંગ સૂન' લખમાં આવ્યું છે. આ વીડિયોને જોઈને ફેન્સ પ્રભાવિત થયા છે અને તેને વાયરલ કરી રહ્યા છે.વીડિયો ઈન્સ્ટાગ્રામ પર અપલોડ થયા બાદ થોડા સમયમાં વાયરલ થયો અને યુઝર્સે કમેન્ટમાં જોરદાર પ્રતિક્રિયાઓ આપી.

### હાલના હોરર કોમેડી ટ્રેન્ડમાં સામેલ થશે

# ઓટીટી સ્ટાર ઋત્વિક ભૌમિકનું અભૂતપૂર્વ ફિલ્મથી બિગ સ્ક્રીન પર ડેબ્યૂ

ઓટીટી સીરીઝ 'બંદિશ બેન્ડિટસ'માં કલાસિકલ સિંગર અને રોમેન્ટિક હીરોની ભૂમિકાથી જાણીતા બનેલા ઋત્વિક ભૌમિકને મોટા પડદાની પહેલી ફિલ્મ મળી છે. 'અભૂતપૂર્વ' નામની ફિલ્મથી તે બોલિવૂડમાં ડેબ્યૂ કરશે. હાલ બોલિવૂડમાં અનેક હીરો અને અનેક પ્રોડક્શન હાઉસિસ હોરર કોમેડીના ટ્રેન્ડ પાછળ ભાગી રહ્યા છે. ઋત્વિકની આ ફિલમ પણ એક હોરર કોમેડી હશે. ૧૯૯૦ના અરસામાં આગ્રામાં બનતી કેટલીક સુપર નેચરલ ઘટનાઓ આસપાસ ફિલ્મની વાર્તા વણાયેલી હશે. ફિલ્મ માં ઋત્વિકની હીરોઈન કોણ હશે તે હજુ જાહેર થયું નથી. પરંતુ ઋત્વિકની જેમ જ મોટાભાગે કોઈ ફ્રશ ફેસની જ પસંદગી થાય તેવી સંભાવના છે. ફિલ્મ માટે પ્રિ પ્રોડક્શન વર્ક શરૂ થઈ ગયું છે અને ફિલ્મનું શૂટિંગ આગામી નવેમ્બરમાં શરૂ થવાની સંભાવના છે. આ ફિલ્મ ખ્યાતિ મદાન બનાવી રહ્યાં છે. ઋત્વિકે 'બંદિશ બેન્ડિટસ'માં રોમેન્ટિક હીરો નો રોલ ભજવ્યા બાદ 'ખાકીઃ ધી બેંગાલ ચેપ્ટર' વેબ સીરીઝમાં એક નિર્દયી ગેંગસ્ટરની ભૂમિકા ભજવી પોતાની રેન્જનો પરિચય આપી દીધો હતો. હવે હોરર કોમેડીમાં નવાં જોનરમાં તેની કસોટી થશે. બોલિવૂડમાં હાલ એક પછી એક હોરર કોમેડીની જાહેરાત થઈ રહી છે. 'મુંજીયા' ટુ પણ આવી રહી છે. આ ઉપરાંત અહાન શેટ્ટી પણ એક હોરર કોમેડી ફિલ્મ કરી રહ્યો હોવાનું તાજેતરમાં જાહેર થયું છે.

# હું બ્રાહ્મણ અને શાકિબ મુસ્લિમ, અમારે લગ્ન કરવા જોઈએ?

**એક વર્ગ માને છે કે પ્રેમમાં જાતિધર્મ કંઈ નથી, તમે એકબીજા સાથે ખુશ રહી શકતા હો તો કરવી જોઈએ**

સોશિયલ મીડિયા પર ઘણા ઈન્ફ્લુઅન્સર્સ છે જેમના વીડિયો પારિવારિક જીવન પર બનતા હોવાથી લાખો-કરોડો લોકો તેને જૂએ છે. આવું જ એક કપલ હાલમાં પોતાના વીડિયો નહીં પણ પર્સનલલાઈફને લીધે ચર્ચામાં છે. આ સોશિયલ મીડિયા કપલનું નામ છે સાકીબ શૈફી અને કુનિકા શર્મા પંડિત. આ બન્ને ઘણા માર્મિક, સંવેદનશીલ મુદ્દાઓ પર હળવા પારિવારિક વીડિયો બનાવી ભારે જાણીતું બન્યું છે. તેમના મોટાભાગના વીડિયોમાં તેઓ પતિ-પત્ની અથવા લવર્સ હોય છે, પરંતુ થોડા સમય પહેલા જ તેમના મોટાભાગના ફેન્સને જાણ થઈ છે કે તેઓ ખરેખર પરણેલા નથી, પણ લવર્સ છે. તેમની મુલાકાત પણ સોશિયલ મીડિયા પર થઈ હતી અને પછીથી બન્ને મિત્રો અને પ્રેમી બન્યા અને સાથે વીડિયો કરતા થઈ ગયા. થોડા દિવસો પહેલા આ કપલે તેમના ફેન્સને એક સવાલ કર્યો છે જેનો ફેન્સ પણ ખૂબ




ઉત્સાહથી જવાબ આપી રહ્યા છે. કુનિકાએ તેના ફેન્સને સવાલ કર્યો છે કે અમારી જોડી તમને કેવી લાગે છે, ઘણા લોકો અમને કહે છે કે તમારી જોડી જબરજસ્ત છે, તમે લગ્ન કેમ નથી કરી લેતા. તો હું તમને પૂછવા માગું છું કે હુ કનિકા શર્મા એટલે કે બ્રાહ્મણ અને શાકીબ મુસ્લિમ છે તો શું અમારે લગ્ન કરવા જોઈએ. આ સમયે શાકીબ કોમેડી કરતા કહે છે કે આ લગ્ન કરવા પાછળ મારા ઘણા મકસદ છે, તો વિચારીને કહેજો.તેમના આ વીડિયો બાદ સોશિયલ મીડિયા પર મોટાભાગના ફેન્સ તેમને લગ્ન કરવાનું કહી રહ્યા છે, તો અમુક આવા આંતરધર્મીય લગ્ન ન કરવાની સલાહ પણ આપે છે.દેશમાં ઘણીવાર લવજેહાદનો મુદ્દો સળગે છે. મુસ્લિમ યુવકો દ્વારા હિન્દુ યુવતીઓને ફોસલાવી લગ્ન કરી, ધર્મ પરિવર્તન કરાવ્યાના અને તેમને ટોર્ચર કરવાના કિસ્સાઓ આવતા રહે છે. ઘમા રાજયોમાં લવજેહાદ વિરુદ્ધ કાયદો પણ અમલમાં છે. આવા સમયમાં આ ઈન્ફલુઅન્સરના સવાલે મીડિયામાં ચર્ચા છેડી દીધી છે.એક વર્ગ માને છે કે પ્રેમમાં જાતિધર્મ કંઈ નથી, તમે એકબીજા સાથે ખુશ રહી શકતા હો તો કરવી જોઈએ. જોકે હવે માહિતી મળી છે કે બન્ને લગ્ન કરવા અંગે વિચારી રહ્યા છે, પરંતુ ઓફિશિયલ ડેટ્સ હજુ બહાર આવી નથી. ફિલ્મી હસ્તીઓની જેમ લોકો હવે તેમના ફેવરિટ સોશિયલ મીડિયા ઈન્ફલુઅન્સર્સની પર્સનલ લાઈફમાં પણ રસ લેતા થઈ ગયા છે. આ બન્ને ઈન્ફલુઅન્સર્સના વીડિયો ફની હોય છે.

# જાણીતા સ્ટેન્ડ-અપ કોમેડિયન ઝાકિર ખાને લીધો બ્રેક

**હું વધારે શો નહીં કરી શકીશ અને આ ખાસ રેકોર્ડ બાદ મને એક લાંબા બ્રેક પર જવાની સલાહ આપવામાં આવી છે**

ભારતના જાણીતા સ્ટેન્ડ-અપ કોમેડિયન ઝાકિર ખાને તાજેતરમાં જ એક મોટો ઈતિહાસ રચ્યો હતો. તે અમેરિકાના પ્રતિષ્ઠિત ટાઈમ્સ સ્ક્વેર ખાતે હિન્દીમાં પર્ફોર્મ કરનાર પ્રથમ ભારતીય કોમેડિયન બન્યો હતો. પરંતુ હવે ઝાકીર ખાનના ચાહકો માટે ખરાબ સમાચાર સામે આવ્યા છે. હવે આ પોપ્યુલર કોમેડિયને સ્ટેજ શોથી બ્રેક લેવાનો નિર્ણય કર્યો છે. તેની પાછળનું કારણ પણ કોમેડિયનને જણાવ્યું છે. વાસ્તવમાં જાકીર ખાન હવે પોતાની હેલ્થ પર ધ્યાન આપવા માગે છે. તેને લઈને તેણે પોતાના ઈન્સ્ટાગ્રામ પર પોસ્ટ પણ શેર કરી છે. તેણે લખ્યું કે, 'હું છેલ્લા ૧૦ વર્ષથી ટૂર પર જઈ રહ્યો છું. તમારો પ્રેમ મેળવીને હું ખુદને ખૂબ જ ખુશનસીબ માનુ છું પરંતુ હવે વધુ પ્રવાસ કરવાની ન તો ઈચ્છા છે અને ન તો તે મારા સ્વાસ્થ્ય માટે સારું છે. દરેકને સંતુષ્ટ કરવાનો પ્રયાસ, દિવસમાં ૨-૩ શો, રાતની ઊંઘ હરામ, સવાર-સવારની ફ્લાઈટ અને હા જમવાનું કોઈ ટાઈમ ટેબલ જ નહીં. હું છેલ્લા એક વર્ષથી બીમાર છું પરંતુ મારે કામ કરવું પડ્યું કારણ કે તે કરવું જરૂરી હતું.' કોમેડીયને આગળ લખ્યું કે, 'મને સ્ટેજ પર રહેવું પસંદ છે પરંતુ હવે મારે બ્રેક લેવો પડશે. હું આવું કરવા નહોતો માગતો તેથી જ મેં એક વર્ષથી તેને નજરઅંદાજ કર્યુ પરંતુ હવે સમય રહેતા મારે સંભાળી લેવું પડશે. તેથી આ વખતે અમે ભારતમાં મર્યાદિત શહેરોમાં જ ટૂર કરીશું. હું વધારે શો નહીં કરી શકીશ અને આ ખાસ રેકોર્ડ બાદ મને એક લાંબા બ્રેક પર જવાની સલાહ આપવામાં આવી છે.' હું આવું કરવા નહોતો માગતો તેથી જ મેં એક વર્ષથી તેને નજરઅંદાજ કર્યુ પરંતુ હવે સમય રહેતા મારે સંભાળી લેવું પડશે. તેથી આ વખતે અમે ભારતમાં મર્યાદિત શહેરોમાં જ ટૂર કરીશું. હું વધારે



શો નહીં કરી શકીશ અને આ ખાસ રેકોર્ડ બાદ મને એક લાંબા બ્રેક પર જવાની સલાહ આપવામાં આવી છે.'



તસ્વીર : ભરતભાઈ પંડ્યા, દિવડા કોલોની

શ્રી એકલિંગજી બ્રાહ્મણ સમાજ વડોદરા, શ્રી એકલિંગજી બ્રાહ્મણ સમાજ વડોદરા ની વાર્ષિક સાધારણ સભા આજરોજ એટલે કે તારીખઃ- ૭/૯/૨૦૨૫ ને રવિવારના રોજ રાખવામાં આવેલ હતી. જેમાં વિશિષ્ટ સિદ્ધિ મેળવેલ બાળકોનું, ડિગ્રી પ્રાપ્ત કરેલ બાળકોનું ,અભ્યાસમાં સારી પ્રગતિ દર્શાવેલ બાળકોનું ઉપરાંત નિવૃત્ત સભાસદોનું પણ સાલ ઓઢાડી સન્માન કરવામાં આવેલ હતું.બાળકોએ સ્ટેજ પરફોર્મન્સ પણ રજૂ કરેલ હતો. આયોજન મંડળના સભ્યોએ ઉત્સાહપૂર્વક ભાગ લઈ કાર્યક્રમ સફળ બનાવેલ હતો.

# દીવડા કોલોની તેમજ કડાણા ગામે ગણપતિ વિસર્જન



તસ્વીર : ભરતભાઈ પંડ્યા, દિવડા કોલોની

। (પ્રતિનિધી) દિવડા કોલોની, તા.૮ ।

મહિસાગર જિલ્લાના કડાણા તાલુકાના દીવડા કોલોની તેમજ કડાણા ગામે ગણપતિજીની ભાદરવા સુદ ચોથ (બર્થ ડે) ના દિવસે સ્થાપના કર્યા બાદ આજરોજ દસ દિવસનું આતિથ્ય માણ્યા બાદ એટલે કે ભાદરવા સુદ ચૌદસના દિવસે ગણપતિ દાદાની સ્થાપિત મૂર્તિનું વિસર્જન કરવામાં આવેલ છે. વરસાદી માહોલમાં પણ ભક્તિભાવ પૂર્વક મહીસાગર નદીમાં આરતી કર્યા બાદ ભારે હૈયે ''અગલે બરસ તું જલ્દી આ'' ના નારા સાથે વિસર્જન કરવામાં આવેલ છે.

# ઝાલોદ એકલ ગ્રામોત્થાન ફાઉન્ડેશનની સરકાર દ્વારા ચાલતી ઓનલાઇન કામગીરીમાં સહાયક થવા પ્રાંત કચેરી અને મામલતદાર કચેરીનો સંપર્ક કરાયો

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૮ ।

ઝાલોદ તાલુકામા એકલ ગ્રામોત્થાન ફાઉન્ડેશન હાલ ગ્રામીણ ક્ષેત્રે સિલાઈ, કમ્પ્યુટર તેમજ ખેતી માટે વિવિધ ફળના વૃક્ષો અને ખેતીમાં મદદરૂપ થતી જૈવિક દવાઓ આપવાની સેવાકીય કામગીરી કરવામાં આવી રહેલ છે. એકલ ગ્રામોત્થાન ફાઉન્ડેશનનનો મુખ્ય ઉદ્દેશ ગ્રામીણ ક્ષેત્રના રહેવાસીઓનુ જીવન ધોરણ ઉંચુ આવે અને તેવો છે. ગ્રામ્યમા વસતા લોકોની આર્થિક સુખાકારી વધે અને શિક્ષણનો વ્યાપ વધે તે માટે એકલ ગ્રામોત્થાન ફાઉન્ડેશન નિરંતર કામગીરી કરી રહેલ છે. સરકાર દ્વારા આધારકાર્ડ , ચૂંટણી કાર્ડ તેમજ સરકાર દ્વારા ચાલતી અલગ અલગ યોજનાઓ જે ઓનલાઈન ચાલતી હોય અને તે માટે ગ્રામીણ વિસ્તારના રહેવાસીઓને પ્રાંત કચેરી, તાલુકા કચેરી આવવુ પડતું હોય છે અને ગ્રામ્ય વિસ્તારો માંથી ઓનલાઈન કામગીરી જે સરકાર દ્વારા કરવામાં આવતી હોય તેના માટે ગ્રામ્ય વિસ્તારોમાં રહેતા લોકોને દિવસ બગાડી કચેરીઓમાં દોડાદોડી કરવી પડે છે તેમજ વૃદ્ધ કે અશક્ત વ્યક્તિઓ દોડી ન શકતા મોટે ભાગે સરકારી યોજનાનું લાભ લઈ શકતા નથી જેથી આજરોજ એકલ ગ્રામોત્થાન ફાઉન્ડેશન દ્વારા પ્રાંત અધિકારી અને મામલતદાર ઓફીસ



તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

જઈ અધિકારીઓને સૂચન કરેલ હતું કે એકલ ગ્રામોત્થાન ફાઉન્ડેશન પાસે કમ્પ્યુટર, વિજ કનેક્ટીવીટી અને નેટ કનેક્ટીવીટી સાથેની સોલર બસ છે જે થકી સરકારની ગ્રામીણ ક્ષેત્ર સુધી સર્વ સેવા પહોંચે તે માટે મદદરૂપ થવા માંગ કરી હતી. સરકારી ઓફિસમા કામગીરીનુ ભારણ ઓછું થાય અને ગ્રામ્ય વિસ્તારમાં ઘરે બેઠા જન સુવિધા મળે તે માટે એકલ ગ્રામોત્થાન સરકાર સાથે સહાયક બની કામગીરી કરવા માંગે છે જેથી ગ્રામ્ય વિસ્તારોમા વસવાટ કરતા વ્યક્તિઓને દોડવું નહીં પડે અને વૃદ્ધ તેમજ બીમાર વ્યક્તિને ઘરે બેઠા સરકારી સેવાનો લાભ આપી શકાય. પ્રાંત અધિકારી અને મામલતદાર દ્વારા આ અંગે ચોક્કસ સહાય થવાની ખાત્રી આપી હતી.

# દેવગઢ બારીઆ શહેરમા શાંતિ ભર્યા વાતરણમા ગણેશ સ્થાપનાનું વિસર્જન



તસ્વીર : સોહિલ દિવાન, દેવગઢ બારીઆ

। (પ્રતિનિધી) દેવગઢ બારીઆ, તા.૮ ।

હિન્દુઓ ના પવિત્ર તહેવાર મા ગણેશ સ્થાપના સૌથી લોકપ્રિય તહેવાર હોય છે જેમાં હિન્દુઓ ગલી મહોલ્લા ફળિયા પોતા ના ઘરે ગણેશ ભગવાન ની મૂર્તિ ની સ્થાપના કરે છે અને પૂજા પાઠ કરે નવ દિવસ સુધી ત્યાર બાદ દસમા દિવસે વાજતે ગાજતે શ્રીજી ને વિદાય આપવા મા આવે છે જેમાં ભક્તો ગણપતિ બાપા મોરિયા ઘી ના લાડુ ચોર્યા જેવા નારા લગાડી ગુલાલ કંકુ અબીલ ઉડાવી ગણપતિ બાપા ને વિસર્જન માટે લઈ જાય છે જેમાં આસપાસ ના ગ્રામ્ય વિસ્તાર તથા શહેર સહિત ૩૦૦ જેટલી મૂર્તિઓ નું વિસર્જન કરવામા આવ્યુ.

# ઝાલોદ મહિલા મોરચા દ્વારા વડાપ્રધાન નરેન્દ્ર મોદીના માતાના અપમાન કરનાર વિરુદ્ધ કાર્યવાહી કરવા માંગ કરાઈ



તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ



। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૮ ।

ઝાલોદ નગરમાં આજરોજ ૦૮-૦૯-૨૦૨૫ સોમવારના રોજ સાંજે ૪ વાગે ભાજપ મહિલા મોરચા દ્વારા દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદીના માતાનુ અભદ્ર ભાષાનો ઉપયોગ કરી અપમાન કરવામાં આવ્યું તેના વિરોધમાં બસ સ્ટેશન પર ભાજપ મહિલા મોરચાની બહેનો દ્વારા રાહુલ ગાંધી હાય હાય, મા કા અપમાન નહીં સહેવા હિન્દુસ્તાન, ભારત માતા કી જય,વંદે માતરમના નારા સાથે ગગન ગુંજાવી દીધેલ હતું. ભાજપ મહિલા મોરચાની તમામ બહેનો મામલતદાર કચેરી એક આવેદનપત્ર પત્ર આપતા માંગ કરેલ હતી કે બિહાર પ્રદેશમાં ઈન્ડિયા ગઠબંધનના મંચ ઉપર થી દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદીના દિવંગત માતા વિશે અભદ્ર ટિપ્પણી કરેલ હતી જેના લીધે માતૃ શક્તિની લાગણી દુભાયેલ છે. જેથી ઈન્ડિયા ગઠબંધનના તમામ નેતાઓ દેશની માફી માંગે તેવી માંગ કરેલ હતી. આજના યોજવામાં આવેલ આ પ્રોગ્રામમાં દાહોદ જિલ્લા ભાજપ મહિલા મોરચા પ્રમુખ મેધા પંચાલ, પૂર્વ જિલ્લા પંચાયત પ્રમુખ શીતલબેન વાઘેલા તેમજ ઝાલોદ મહિલા મોરચા પ્રમુખ રીટાબેન સોલંકી , નગરપાલિકા પ્રમુખ રેખાબેન વસૈયા સહિત મહિલા મોરચાની બહેનો, નગરપાલિકા કાઉન્સિલરો, ભાજપ સંગઠન મોટા પ્રમાણમાં હાજર રહેલ હતા.

# થરા માર્કેટયાર્ડના ચેરમેન પદે ઈશ્વરભાઈ એ. પટેલ અને વાઇસ ચેરમેન કીરીટકુમાર એ.અખાણી પસંદગી સાથે કોકડું સિત્તેર દિવસે ઉકેલાયું







। (યશપાલસિંહ ટી વાઘેલા) થરા, તા.૮ ।

કાંકરેજ તાલુકાના વેપારી મથક થરા નગરમાં નેશનલ હાઈવેનં-૨૭ થી નજીક નાનાજામ પુર તાણારોડ પાસે બસ સ્ટેન્ડની બાજુમાં સરદાર કૃષિ ગંજ,ધી ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ માર્કેટયાર્ડ થરા આવેલ છે.તા. ૩૦/૦૬/૨૫ ના રોજ આ માર્કેટયાર્ડની સામાન્ય ચૂંટણી પૂર્વ ચેરમેન માર્કેટ યાર્ડ (ભાજપ) સામે ભાજપ પ્રેરિત પરિવર્તન પેનલના ચૌદ ચૌદ ઉમેદવારો વચ્ચે સીધી ટક્કર માં યોજાયેલ અને તા.૧/૭/૨૫ ના પરિણામમાં ભાજપ પ્રેરિત પરિવર્તન પેનલે ચૌદમાંથી અગિયાર બેઠકો જીતી ભવ્ય વિજય મેળવ્યો હતો.જેમાં ભાજપ પરિવર્તન પેનલ ખેડૂત મત વિભાગમાં ઉમેદવારો વિજેતા

બાબુભાઈ માલાભાઈ પટેલ-
ઈશ્વરભાઈ અણદાભાઈ પટેલ-
ભગવાનભાઈ કરશનભાઈ પટેલ -
લક્ષ્મણભાઈ નાનજીભાઈ પટેલ-
રામાજી કપૂરજી ઠાકોર- પ્રવીણભાઈ અમરતભાઈ દેસાઈ-
મગનભાઈ હરદાસભાઈ દેસાઈ-
ભેમાજી ભોમાજી જાદવ-

પૂર્વ.ચેરમેન અણદાભાઈ પટેલ પેનલ ખેડૂત મત વિભાગમાં બે ઉમેદવારો વિજેતા

અણદાભાઈ રામાભાઈ પટેલ-
કરશનભાઈ રમાભાઈ પટેલ-

★ભાજપ પરિવર્તન પેનલ વેપારી મત વિભાગમાં ૩ ઉમેદવારો વિજેતા

કિરીટભાઈ અમૃતલાલ અખાણી-
નાગજીભાઈ ભેમાભાઈ પટેલ-
નરેશભાઈ નરભેરામભાઈ જોષી-

અણદાભાઈ પટેલની પેનલ વેપારી મત વિભાગમાં ૧ ઉમેદવાર વિજેતા

મુકેશભાઈ સોમાભાઈ રાવલ-

ચુંટણી પરિણામ બાદ ચેરમેન વાઈસ ચેરમેનની પસંદગી થવાને બદલે તારીખ પે તારીખ આવતાં સહકારી રાજકીય આગેવાનો કાર્યકરો જિજ્ઞાશુઓની નજર આગામી તા.૨૦/૯/૨૫ની નવી તારીખે શું થાય છે તેના પર હતી ત્યાં જ તા.૩૦/૮/૨૦૨૫ના જિલ્લા રજીસ્ટાર પાટણ કમ ચુંટણી અધિકારી થરા માર્કેટ યાર્ડ દ્વારા ચુંટાયેલા સભ્યોનેઆપવામાં આવેલ એજન્ડા નોટિસ મુજબ ગઈકાલે તા.૮/૯/૨૫ ના સવારે મેઘહેલી વચ્ચે પ્રથમ ટર્મ માટે સભાપતિ(ચેરમેન), ઉપ સભાપતિ (વાઈસ ચેરમેન)ની પસંદગી કરવા માટે થરા માર્કેટ યાર્ડ ખાતે ચુંટણી પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. જેમાં સૌની નજર તો ભાજપના મેન્ડેડ પર જ ટકેલી હતીને ચુંટણી પ્રક્રિયામાં ભાજપના મેન્ડેડ મુજબ સભાપતિ (ચેરમેન)માં ઈશ્વરભાઈ અણદાભાઈ પટેલ અને ઉપસભાપતિ(વાઈસ ચેરમેન વેપારી વિભાગમાંથી કીરીટકુમાર અમૃતલાલ અખાણી (ઠકકર)નું એમ બે સભ્યોના જ ઉમેદવારી પત્ર રજૂ થતાં સિત્તેર દિવસ બાદ પ્રથમ ટર્મ માટે ચેરમેન પદે ખેડૂત વિભાગમાંથી ઈશ્વરભાઈ અણદા ભાઈ પટેલ અને વાઈસ ચેરમેન પદે વેપારી વિભાગમાંથી કીરીટ કુમાર અમૃતલાલ અખાણી ઠકકર ને બિનહરીફ જિલ્લા રજીસ્ટાર પાટણ કમ ચુંટણી અધિકારી થરા માર્કેટ યાર્ડ દ્વારા ચુંટાયેલા જાહેર કરવામાં આવ્યા હતા. ચેરમેન-વાઈસચેરમેનની પસંદગી નું કોકડું ઉકેલાતા સમગ્ર અધ્યાય પૂરો થયો અને રાજકીય સહકારી અગ્રણીઓએ હાશકારો અનુભવ્યો હતો.થરા માર્કેટ યાર્ડ ના વહીવટદાર તરીકે જિલ્લા રજિસ્ટ્રાર તા.૧૭/૦૭/૨૦૨૪ થી ૮/૯/૨૦૨૫ સુધી શાસન કર્યું.હવે બનાસકાંઠા - પાટણ જિલ્લામાં સહકારી રાજકીય આગેવાનો કાર્યકરો જિજ્ઞાસુઓનું ધ્યાન બનાસ ડેરીની ચૂંટણી પર કેન્દ્રિત રહેશે.

# ઝાલોદ સબ ડીસ્ટ્રીક્ટ હોસ્પિટલ ખાતેના ફીઝીયોથેરાપીસ્ટ ડોક્ટરની સુંદર કામગીરી

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૮ ।

ઝાલોદમા સબડીસ્ટ્રક્ટીક હોલ્પીટલમા ડૉ. જુમાના જે. વનવાલા ફીઝીયોથેરાપીસ્ટ તરીકે ફરજ બજાવે છે. તેમના ખૂબ જ સારી ફીઝીયોથેરાપીસ્ટ સેવા આપવામાં આવે છે અને દર્દીખો પણ તેમની સેવાથી સારી એવી રાહતનો અનુભવ કરી રહેલ છે. ઝાલોદ તાલુકાની પ્રજાને આ ફીઝીયોથેરાપીસ્ટ સેવા મળી રહેલ છે અહીંના લોકો માટે આર્શીવાદ સમાન છે. આજે વર્લ્ડ ફીઝીયોથેરાપીસ્ટ ડે નિમિતે સબ ડીસ્ટ્રીક્ટ હોસ્પિટલ ખાતે દર્દીઓ પાસે જઈ આ સેવા વિશે માહિતી મેળવતા તેઓને ખૂબ જ જલ્દી રાહત તેમજફાયદોથઈરહેલહોવાનુંકહેલહતુંતેમજઝાલોદ સબ ડિસ્ટ્રિક્ટ હોસ્પિટલ ખાતે ફીઝીયોથેરાપીસ્ટ તરીકેની કામગીરી કરનાર ડૉ જૂનાના.જે.વનવાલાની



કામગીરીની પ્રસંશા કરેલ હતી. ઝાલોદ સબ ડીસ્ટ્રીક્ટ ખાતે ચોક્કસ સેવાનો લાભ લઈ દર્દીઓ રાહત અનુભવ કરી રહેલ છે. એક વર્ષ પહેલા દિલ્હી ખાતે ''વુમન ઓફ એક્સેલેંસ '' નો એવોર્ડ ફીઝીયોથેરાપીસ્ટમા ડૉ જૂનાના.જે.વનવાલાને મળેલ છે અને આ એવોર્ડ ફીઝીયોથેરાપીસ્ટ વર્લ્ડ પ્રેસિડેન્ટ ડૉ માઈકલ લેન્ડ્રી અને ભારતના પ્રેસિડેન્ટ સંજીવ ઝા દ્વારા આપવામાં આવેલ હતો.

# આજનું રાશિ ભવિષ્ય.....

**મેષ (અ,લ,ઇ) :**

આજના દિવસે તમે જો ભૂતકાળની ઘટનાઓ અંગે જ વિચાર્યા કરશો તો તમારી હતાશા તમારા સ્વાસ્થ્યને હાનિ પહોંચાડી શકે છે.શક્ય હો એટલા શાંત રહેવાનો પ્રયાસ કરો. અન્યોને પ્રભાવિત કરવા વધુ પડતો ખર્ચ ન કરી નાખતા. અણધારી જવાબદારીઓ આજના દિવસની તમારી યોજનાઓને ખોરવી નાખશે-આજે તમે તમારી જાતને અન્યો માટે વધારે અને પોતાની માટે ઓછું કામ કરતા જોશો.

**વૃષભ (બ,વ,ઉ) :**

આજે તમારા ખોરાક થી ચેતતા રહેજો. બેદરકારી તમને બીમાર પાડી શકે છે. પૈસા કમાવવાની નવી તકો લાભદાયી હશે. ઘરના મોરચે તમારૂં જીવન શાંત અને ગમે તેવું રહેશે. તમે ક્યારેય ચોકલેટ સાથે આદું અને ગુલાબની સુગંધ માણી છે ? તમારૂં જીવન આઈજે તમને આવો જ સ્વાદ આપશે. આજે કરાયેલા સંયુક્ત સાહસો આગળ જતાં લાભદાયક પુરવાર થશે.

**મિથુન (ક,છ,ઘ) :**

આજે તમારી માનસિક સ્પષ્ટતા જાળવવા માટે કોઈપણ પ્રકારની મૂંઝવણ અને હતાશા ટાળો. ઘર માં કોઈ ફંકશન હોવા ને લીધે આજે તમારું વધારે ધન ખર્ચ થયી શકે છે જેના લીધે તમારી આર્થિક સ્થિતિ ખરાબ થયી શકે છે. મિત્રો તથા પરિવાર સાથે આનંદદાયક સમય. તમારૂં પ્રેમ જીવન વસંતના વૃક્ષનાં પાંદડાં સમાન રહેશે. આગળ પડતા લોકો સાથે હળવા-મળવાથી તમારા સારા વિચારો અને યોજનાઓ બહાર આવશે.

**કર્ક (ડ,હ) :**

આજે તમે વધુ આશાવાદી બનવા માટે તમારી જાતને પ્રોત્સાહિત કરો. તે તમારો આત્મવિશ્વાસ તથા લવચિકપણું વધારશે પણ તેની સાથે જ ભય, નફરત, ઈર્ષા અને બદલો જેવી નકારાત્મક ભાવનાઓ છોડવા તૈયાર કરો. નાણાકીય પક્ષ મજબૂત થવા ની પુરી શક્યતા છે.જો તમે કોઈ વ્યક્તિ ને પૈસા ઉધાર આપ્યા હતા તો તે પૈસા આજે પાછા મળવા ની પુરી શક્યતા છે.

**સિંહ (મ,ટ) :**

આજના દિવસે બિનજરૂરી તાણ અને ચિંતા તમારા જીવનનો રસ ચૂસી લઈ તમને શુષ્ક બનાવી શકે છે. તેનાથી મુક્ત થવું જ સારૂં છે નહીં તો આ તાણ તમારી સમસ્યાને ઓર વકરાવી શકે છે. આજે ફક્ત બેઠા રહેવા કરતાં-કોઈક પ્રવૃત્તિ સાથે સંકળાઓ-જે તમારી આવકની ક્ષમતાને વધારશે. કલ્પનાઓ કે તરંગ-તુક્કા પાછળ દોડશો નહીં તથા વધુ વાસ્તવવાદી બનવાનો પ્રયાસ કરો.

**કન્યા (પ,ઠ,ણ) :**

આજે તમે રમતગમત તથા અન્ય આઉટડૉર પ્રવૃત્તિઓમાં ભાગ લેવાથી તમારી ખોવાયેલી શક્તિ ભેગી કરવામાં તમને મદદ મળશે. જે લોકોએ જમીન ખરીદી હતી અને હવે તેને વેચવા માંગે છે તે લોકો ને કોઈ સારો ખરીદદાર આજે મળી શકે છે અને તેના થી તેમને સારો ધન લાભ થશે. સંબંધીઓ-મિત્રો એક સુંદર સાંજ માટે તમને મળવા આવશે.

**તુલા (ર,ત) :**

આજના દિવસે તમારા આત્મવિશ્વાસ અને ઊર્જાનું સ્તર ઊંચું રહેશે. આ રાશિ ના મોટા વેપારીઓ ને આ ના દિવસે ઘણું વિચારી અને સમજી ને પૈસા જમા કરવા ની જરૂર છે. અન્યો સાથે વાદ-વિવાદ તથા બોલાચાલી અને તેમનામાં અકારણ ભૂલો શોધવાનું ટાળો. તમારો ખાસ મિત્ર તમારા આંસું લૂંછશે. કામના સ્થાળે આજે બધું જ તમારી તરફેણમાં હોવાનું જણાય છે.

**વૃશ્ચિક (ન,ય) :**

આજે તમે તમારી જાતને તંદુરસ્ત અને સ્વસ્થ રાખવા માટે ઉચ્ચ કેલૅરીયુક્ત આહાર ટાળો. તમે જો થોડા વધુ નાણાં મેળવવા માર્ગ શોધી રહ્યા હો તો-સુરક્ષિત આર્થિક યોજનાઓમાં રોકાણ કરો. તમારા પરિવારના સભ્યો તમારા પ્રયાસો તથા સમર્પણની સરાહના કરશે. પ્રિયપાત્રની નફરત છતાં તમારે તમારો પ્રેમ દેખાડવો જોઈએ. કોઈ બાબત કે ઘટના બને તેની રાહ ન જોતા.

**ધન (ભ,ધ,ફ) :**

આજના દિવસે તમને વ્યસ્તતા છે છતાં તમારુ સ્વાસ્થ્ય સારૂં રહેશે. નાણાકીય જીવનમાં આજે ખુશ હાલી રહેશે આની સાથે તમે દેવા થી પણ આજે મુક્ત થયી શકો છો. તમારા વધુ પડતા ઉદાર સ્વભાવનો સંબંધીઓ ગેરફાયદો ઉપાડવાનો પ્રયાસ કરશે. તમારી જાત પર અંકુશ રાખો અન્યથા તમે છેતરાઈ શકો છો. તમારે એ સમજવું જોઈએ કે એક હદ સુધીની ઉદારતા કરી છે.

**મકર (ખ,જ) :**

આજના દિવસે તમે પાછળ રહી જશો એવી શક્યતા છે. તમારે હિંમત હારવાને બદલે તમે ધારેલું પરિણામ મેળવવા માટે સખત મહેનત કરો. આ નિષ્ફળતાઓને પ્રગતિ સુધી પહોંચવાનાં સોપાન બનાવો. મુશ્કેલીના સમયમાં સંબંધીઓ તમારી વહારે આવશે. નજીકી સંબંધીઓ ના ઘરે જવું આજે તમારી આર્થિક સ્થિતિ બગાડી શકે છે.

**કુંભ (ગ,શ,સ) :**

આજે તમે અન્યો વિરૂદ્ધ વેરઝેરની ભાવના પોષવાથી તમને માનસિક તાણ મળશે. તમારે આવા વિચારો ટાળવા જોઈએ કેમ કે આવા વિચારો જીવન બગાડનારા તથા તમારી ક્ષમતાનો નાશ કરનારા હોય છે. આજે તમારા માતા પિતા માં થી કોઈ તમને ધન ની બચત સંબંધી વાત પર ભાષણ આપી શકે છે, તમારે તે વાતો ઘણા ધ્યાન થી સાંભળવા ની જરૂર છે નહીંતર આવનારા સમયમાં તકલીફ તમારેજ વેઠવવી પડશે?

**મીન (દ,ચ,ઝ,થ) :**

આજના દિવસે તમારી અંદર આજે ઉર્જા જોઈ શકાય છે. તમારું સ્વાસ્થ્ય સંપૂર્ણપણે તમારો સાથ આપશે. આજે તમને પોતાના ભાઈ અથવા બહેન ની મદદ થી ધન લાભ થવા ની શક્યતા છે. સંબંધીઓ સહકાર આપશે તથા તમારા મગજને સંતાપ આપતો ભાર હળવો કરશે. તમારા પ્રેમ જીવનમાં નાનકડી કડવાશ માફ કરો. તમારી જાતને અભિવ્યક્ત કરવા માટે પણ આ સારો દિવસ છે.

## ન્યુઝ બોક્ષ

### બસમાંથી ઉતરી રિક્ષામાં બેઠેલા ખેપિયા પાસે દારૂની ૨૩ બોટલ મળી

। (એજન્સી) વડોદરા, તા.૮ ।

વડોદરા પોલીસને શંકા ન જાય તે માટે સરકારી બસોમાં દારૂની ખેપ મારવામાં આવી રહી હોવાની વિગતોને પગલે પોલીસે એક ખેપિયાને દારૂના જથ્થા સાથે ઝડપી પાડ્યો છે. હરણી પોલીસને ગઈકાલે રાત્રે પેટ્રોલિંગ દરમિયાન એસટી બસમાં દારૂનો જથ્થો લઈને એક ખેપિઓ આવનાર હોવાની વિગતો મળતા પોલીસે વોચ ગોઠવી હતી. જે દરમિયાન સુએજ પંપીંગ સ્ટેશન પાસે એક શખ્સ હાથમાં થેલો લઈને નીચે ઉતર્યો હતો અને રીક્ષામાં એરપોર્ટ સર્કલ થઈ એલ એન્ડ ટી સર્કલ તરફ જવા બેઠો હતો. પોલીસે તેનો પ ીછો કરી એલએન્ડટી સર્કલ પાસે રીક્ષા ઉભી રખાવી ઝડપી પાડતા તેની પાસેથી રૂ.૧૧,૫૦૦ ની કિંમતની જુદી જુદી બ્રાન્ડની દારૂની ૨૩ બોટલ મળી આવી હતી. પૂછપરછ દરમિયાન પકડાયેલા યુવકનું નામ અલ્કેશ રમેશભાઈ ડામોર (સાકરીયા ગામ, ઝાલોદ,જિ. દાહોદ) હોવાનું ખુલ્યું હતું. પોલીસે દારૂનો જથ્થો ક્યાંથી લાવ્યો હતો અને કેટલા સમયથી ખેપ મારી કોને દારૂ સપ્લાય કરતો હતો તે મુદ્દે પૂછપરછ હાથ ધરી છે.

### રીલ્સના ચક્કરમાં સગીરા ઝેરી દવા પી જતાં દોડધામ

। (એજન્સી) ગોંડલ, તા.૮ ।

ટીનેજર્સના માનસપટલ ઉપર સોશ્યલ મીડિયા હાવી થઈ ગયું છે. અનેક બનાવમાં જીવ ગયો હોવાના કિસ્સા પણ બન્યા છે. રિલ્સ બનાવવાની ઘેલછામાં અકસ્માત પણ થયા છે ત્યારે હવે ગોંડલ તાલુકાના દેવચડી ગામે વીડિયો બનવવાના ચક્કરમાં ૧૪ વર્ષની સગીરા ઝેરી દવા પી ગઈ હતી. તેને તત્કાલ સારવારમાં રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાઈ હતી, જ્યાં તે હાલ સારવાર હેઠળ છે.પ્રાપ્ત વિગતો મુજબ, સગીરાનો પરિવાર મૂળ મધ્યપ્રદેશનો વતની છે, ગોંડલ તાલુકાના દેવચડી ગામે એક ખેડૂતની વાડીમાં રહે છે અને ખેત મજૂરી કરે છે. ગઈકાલે સાંજના છ વાગ્યા આસપાસ સગીરા પોતાના ઘર પાસે વાડીમાં હતી ત્યાં તેણી મોબાઈલમાં સોશ્યલ મીડિયા પર અપલોડ કરવા માટે વીડિયો બનાવતી હતી.

રિલ્સ બનાવવાની ઘેલછામાં એને એ ભાન ન રહ્યું કે, તેણે પાકમાં છાંટવાની ઝેરી દવાની બોટલ હાથમાં લઈ લીધી. તેને એમ કે હાથમાં રહેલી બોટલનું ઢાંકણું બંધ છે. તેણી વીડિયો બનાવવામાં મશગુલ હતી ત્યાં જ બોટલનું ઢાંકણુ ખુલી ગયું અને થોડી દવા તેના મોઢામાં જતી રહી. તેણી તુરંત ઉલ્ટી કરવા લાગતા ખેતરમાં કામ કરતા પરિવારને જાણ થઈ. સગીરાને પ્રથમ ગોંડલ સરકારી હોસ્પિટલ બાદ રાજકોટ સિવિલ હોસ્પિ ટલમાં ખસેડાઈ હતી.

### મકાનો-દુકાનોમાં પાણી ભરાયા, લોકોની કફોડી હાલત થઇ

। (એજન્સી) વડોદરા, તા.૮ ।

વડોદરા નજીક આવેલા બાજવામાં ફરી એક વખત લોકોની કફોડી હાલત થઈ છે. આસપાસની કંપનીઓ દ્વારા છોડવામાં આવતા પાણીને કારણે બાજવા અને ઉંડેરાનું તળાવ ફાટતા દર વખતે ગામોમાં પાણી ફરી વળતા હોય છે. ત્યારે આજે પણ બાજવાના વિવિધ વિસ્તારોમાં જળબંબાકારની પરિસ્થિતિ ઉદભવી છે. મકાનો દુકાનોમાં પાણી પ્રવેશતા લોકો મુશ્કેલીમાં મુકાઈ ગયા છે. લોકોને પ ાણીમાંથી જ અવરજવર કરવાની ફરજ પડી રહી છે. પાલિકામાં સમાવિષ્ટ બાજવા ગામ વિકટ પરિસ્થિતિમાં મુકાયું છે. બાજવામાં ફરી એક વખત પાણી પાણીના દ્રશ્યો સર્જાયા છે. શાકમાર્કેટ, કરચિયા રોડ, શંકર સોસાયટી, આંબેડકર નગર, ન્યુ આંબેડકર નગર સહિતના વિસ્તારોમાં દોઢ થી બબ્બે ફૂટ પાણી ભરાઈ ગયા છે. રિફાઈનરી અને ફર્ટિલાઈઝર કંપની દ્વારા ઉંડેરા તળાવ અને ગોત્રી કાંસમાં પાણી છોડવામાં આવે છે. ત્યાં પાણીના નિકાલ માટે માત્ર એક પંપ મૂકી તંત્રે સંતોષ માણ્યો છે. અગાઉના ધારાસભ્યએ કાયમી નિરાકરણ માટે એક્શન પ્લાન તૈયાર કર્યો હતો. અને કેન્દ્ર સરકારમાં પણ મોકલી આપવામાં આવ્યો હતો. વોટર લોગીંગની જે સમસ્યા થાય છે. એના નિરાકરણ માટે પ્લાન મંજૂરી માટે મોકલવામાં આવ્યો હતો. જોકે, હાલ ધારાસભ્ય બદલાયા છે. ત્યારે આ પ્લાન અભરાઈ પર મૂકી દેવાયો છે. ત્યારે અવારનવાર બાજવામાં ઉદભવતી વોટર લોગીંગની સમસ્યાથી લોકો હેરાન પરેશાન થઈ ઉઠ્યા છે. ત્યારે વહીવટી તંત્રના મહાનુભાવો જાતે આવી નિરીક્ષણ કરે અને સમસ્યાનું કાયમી ધોરણે નિરાકરણ લાવે તેવી માંગણી સ્થાનિક લોકો દ્વારા કરવામાં આવી હતી.




ગુજરાતના ખેડા જિલ્લાના રસિકપુરા ગામમાં, સાબરમતી નદીના પાણીના સ્તરમાં વધારો થવા વચ્ચે, એક માણસ આંશિક રીતે ડૂબી ગયેલા વાહનની ટોચ પર બેઠો છે, જ્યારે પશુઓ તેના પર ચારો મૂકી રહ્યા છે.

#### USમાં પ્રતિ કલાક રૂ.૪,૮૫૦ના દરે કોન્ટ્રાક્ટરોની ભરતી ચાલુ કરી

## ભારતીય યુઝર્સ માટે મેટાની મોટી પહેલ, હિન્દી AI ચેટબોટ્સ વિકસાવશે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૮ ।

મેટા ભારતીય યુઝર્સ માટે હિન્દી ભાષાનું AI ચેટબોટ્સ વિકસાવવા માટે અમેરિકામાં પ્રતિ કલાક $55 (લગભગ રૂ. ૪,૮૫૦)ના દરે કોન્ટ્રાક્ટરોની ભરતી કરી રહ્યું હોવાનું કહેવાય છે. ભારત, ઈન્ડોનેશિયા અને મેક્સિકો જેવા ઝડપથી વિકસતા બજારોમાં AI હાજરીને વિસ્તૃત કરવાની મોટી યોજનાના ભાગરૂપે કંપનીએ આ હિલચાલ કરી છે. રીપોર્ટ મુજબ કંપની ક્રિસ્ટલ ઈક્વેશન અને એક્વેન્ટ ટેલેન્ટ જેવી સ્ટાફિંગ કંપનીઓ દ્વારા કોન્ટ્રાક્ટરોની ભરતી કરી રહી છે. આ કાર્ય મુખ્યત્વે ચેટબોટ્સ માટે કેરેક્ટર બનાવવા પર ધ્યાન કેન્દ્રિત કરે છે, જે ઈન્સ્ટાગ્રામ, મેસેન્જર અને વોટ્સએપ પર કાર્ય કરશે. અરજદારો પાસે હિન્દી, ઈન્ડોનેશિયન, સ્પેનિશ અથવા પોર્ટુગીઝ ભાષાની સારી જાણકારી હોવી જરૂરી છે. તેમની પાસે સ્ટોરી ટેલિંગ, કેરેક્ટર ડેવલપમેન્ટ અને AI સામગ્રી વર્કફ્લોનો ઓછામાં ઓછો છ વર્ષનો અનુભવ પણ જરૂરી છે. આ ભરતીના અંગે મેટા તરફથી કોઈ સત્તાવાર પુષ્ટિ નથી. જોકે રિપોર્ટમાં દાવો કરાયો છે કે ક્રિસ્ટલ ઈક્વેશને મેટા વતી હિન્દી અને ઈન્ડોનેશિયન ભાષાના નોકરી માટે જાહેરાત અપાઈ છે, જ્યારે એક્વેન્ટ ટેલેન્ટે ટોચની સોશિયલ મીડિયા કંપની તરીકે વર્ણવેલ સ્પેનિશ-ભાષાની ભૂમિકાઓની યાદી આપી છે.અગાઉ કંપનીના સીઈઓ માર્ક ઝુકરબર્ગે કહ્યું હતું કે ચેટબોટ્સ રીયલ વર્લ્ડ ફ્રેન્ડચીપ જેવો અનુભવ કરાવશે તથા લોકોને ડિજિટલ કમ્પેનિયન સાથે વધુ સરળતાથી જોડવામાં મદદ કરી શકે છે. દરમિયાન એઆઈ ચેટબોટ માટે મેટાની ટીકાઓ પણ થઈ રહી છે. અગાઉ રીપોર્ટ આવ્યાં હતાં કે મેટાના કેટલાક બોટ્સ સગીરો સાથે અયોગ્ય રોમેન્ટિક અથવા જાતીય વાતચીત કરે છે. આ ભરતીના અંગે મેટા તરફથી કોઈ સત્તાવાર પુષ્ટિ નથી. જોકે રિપોર્ટમાં દાવો કરાયો છે કે ક્રિસ્ટલ ઈક્વેશને મેટા વતી હિન્દી અને ઈન્ડોનેશિયન ભાષાના નોકરી માટે જાહેરાત અપ ાઈ છે, જ્યારે એક્વેન્ટ ટેલેન્ટે ટોચની સોશિયલ મીડિયા કંપની તરીકે વર્ણવેલ સ્પેનિશ-ભાષાની ભૂમિકાઓની યાદી આપી છે.અગાઉ કંપનીના સીઈઓ માર્ક ઝુકરબર્ગે કહ્યું હતું કે ચેટબોટ્સ રીયલ વર્લ્ડ ફ્રેન્ડચીપ જેવો અનુભવ કરાવશે તથા લોકોને ડિજિટલ કમ્પ ેનિયન સાથે વધુ સરળતાથી જોડવામાં મદદ કરી શકે છે. દરમિયાન એઆઈ ચેટબોટ માટે મેટાની ટીકાઓ પણ થઈ રહી છે. અગાઉ રીપોર્ટ આવ્યાં હતાં કે મેટાના કેટલાક બોટ્સ સગીરો સાથે અયોગ્ય રોમેન્ટિક અથવા જાતીય વાતચીત કરે છે.

#### આ ઘટનાથી સ્થાનિક લોકોમાં પણ ચિંતાનો માહોલ

## અંજારમાં જાહેરમાં હેરોઈનનું વેચાણ કરતો પંજાબનો શખ્સ ઝડપાયો

#### આ ડ્રગ્સ ક્યાંથી લાવવામાં આવ્યું હતું અને ક્યાં વેચવામાં આવવાનું હતું તે અંગે પોલીસે સઘન પૂછપરછ શરૂ કરી છે

। (એજન્સી) કચ્છ, તા.૮ ।



કચ્છમાં નશીલા પદાર્થોની હેરાફેરી અને વેચાણનું નેટવર્ક પકડવા માટે પૂર્વ કચ્છ SOG પોલીસ દ્વારા સતત કવાયત હાથ ધરવામાં આવી રહી છે. આ કવાયત અંતર્ગત પોલીસે અંજાર તાલુકાના વરસામેડી ગામમાંથી ૨૦ લાખથી વધુની કિંમતના હેરોઈન(ડ્રગ્સ) સાથે એક શખ્સને ઝડપી પાડ્યો છે. પૂર્વ કચ્છ SOG પોલીસને મળેલી બાતમીના આધારે વરસામેડીમાં દરોડો પાડવામાં આવ્યો હતો. પોલીસે ચોક્કસ માહિતીના આધારે આરોપી નિર્મલસિંઘ સોહનસિંઘના રહેઠાણની તલાશી લીધી હતી.આ કાર્યવાહી દરમિયાન પોલીસે તેના ઘરમાંથી એક સોફાના ગાદલા નીચે છુપાવેલું હેરોઈન(ડ્રગ્સ) મળી આવ્યું હતું. આ ડ્રગ્સની તપાસ કરતા તે ૪૧.૪૫ ગ્રામ હેરોઈન હોવાનું બહાર આવ્યું છે. જેની બજાર કિંમત આશરે રૂપિયા ૨૦.૭૨ લાખ આંકવામાં આવી છે. પોલીસે આરોપી નિર્મલસિંઘ સોહનસિંઘની ધરપકડ કરી છે. આ આરોપી પંજાબનો રહેવાસી છે. તેની પાસેથી હેરોઈન ઉપરાંત અન્ય મુદ્દામાલ પણ જપ્ત કરવામાં આવ્યો છે. આ ડ્રગ્સ ક્યાંથી લાવવામાં આવ્યું હતું અને ક્યાં વેચવામાં આવવાનું હતું તે અંગે પોલીસે સઘન પૂછપરછ શરૂ કરી છે.આ મામલામાં અન્ય આરોપીઓની પણ સંડોવણી હોવાની શક્યતા છે. પોલીસે આ ઘટના અંગે નિર્મલસિંઘ અને અન્ય એક અજાણ્યા આરોપી સામે NDPS એક્ટ હેઠળ ગુનો નોંધીને વધુ તપાસ હાથ ધરી છે. પોલીસનું માનવું છે કે આ ધરપકડથી ડ્રગ્સના મોટા નેટવર્કનો પર્દાફાશ થઈ શકે છે.



નવી દિલ્હીમાં સંસદના સેન્ટ્રલ હોલ ખાતે વિપક્ષી પાર્ટીના સાંસદોની બેઠક દરમિયાન કોંગ્રેસ પ્રમુખ મલ્લિકાર્જુન ખડગે, પાર્ટીના નેતા સોનિયા ગાંધી, સમાજવાદી પાર્ટીના પ્રમુખ અખિલેશ યાદવ, એનસીપી (એસપી)ના વડા શરદ પવાર અને અન્ય.

## ભરૂચના વાલિયામાં ૬ શકુનીઓ જુગાર રમતા ઝડપાઈ ગયા

। (એજન્સી) ભરૂચ, તા.૮ ।

ભરૂચના વાલિયામાં જુગાર રમતા લોકોને પોલીસે ઝડપી પાડયા છે. એક ફાર્મ હાઉસમાં ૬ લોકો જુગાર રમતા હતા અને પોલીસને બાતમી મળી હતી અને તે બાતમીના આધારે ઝડપી પાડયા છે, ભરૂચ ભાજપના નેતા ફતેહસિંહ વસાવા પણ જુગાર રમતા હતો, પોલીસે કોઈ પણ ભલામણ રાખ્યા વિના જુગાર અંતર્ગત ગુનો નોંધ્યો છે. ભરૂચના વાલિયામાં ફાર્મ હાઉસમાં જુગાર રમતા ૬ શકુની ઝડપાયા છે, ગત વિધાનસભાના કોંગ્રેસના ઉમેદવાર ઝડપાયા અને હાલમાં ભાજપ રહેલ ફતેસિંહ વસાવા પણ જુગાર રમતા ઝડપાયા છે, પોલીસે કુલ ૧૦ લાખથી વધુનો મુદ્દામાલ કબ્જે કર્યો છે અને કાર્યવાહી કરી છે, હાલમાં તમામ લોકોને જામીન પર છોડી દેવામાં આવ્યા છે. એસ.આર.પીનો પોલીસકર્મી પણ જુગાર રમતા ઝડપાયો છે. ભરૂચ ક્રાઈમ બ્રાન્ચે રોકડા રૂપિયા ૩.૨૩ લાખ મળી ૧૦ લાખથી વધુનો મુદ્દામાલ કર્યો કબ્જે અને કામગીરી કરી છે, પોલીસને બાતમી મળી હતી અને બાતમીના આધારે જુગાર રમતા ઝડપ્યા છે, જે ફાર્મ હાઉસમાં જુગાર રમાતો હતા તેના માલિકની પણ પૂછપરછ શરૂ કરી છે.

#### ઉદયપુરમાં પણ નદીમાં ફસાયેલા યુવકનું રેસ્ક્યૂ

## બનાસકાંઠામાં ૧૬ કલાક સુધી પાણીના પ્રવાહમાં મોત સામે લડતો રહ્યો યુવક

। (એજન્સી) બનાસકાંઠા, તા.૮ ।

ગુજરાતના મોટાભાગના વિસ્તારોમાં ભારેથી અતિભારે વરસાદ ખાબકી રહ્યો છે. જેમાં આજે રવિવાર(૭ સપ્ટેમ્બરે) રાજ્યમાં સૌથી વધુ બનાસકાંઠાના સુઈગામમાં ૮ ઈંચથી વધુ વરસાદ ખાબક્યો છે. ધોધમાર વરસાદના કારણે અનેક વિસ્તારોમાં પ ાણી ભરાયા છે. જ્યારે ભારે વરસાદના કારણે નદી-નાળા, ડેમ છલકાયા છે, ત્યારે બનાસ નદીના ધસમસતા પાણીના પ્રવાહમાં ૧૬ કલાક સુધી એક યુવક ફસાયો હતો. ઉદયપુરમાં ભારે વરસાદી માહોલ વચ્ચે આયડ નદીમાં ૭ કલાકથી ફસાયેલા યુવકનું આર્મીએ રેસ્ક્યૂ કરીને જીવ બચાવ્યો હતો. બનાસકાંઠાના અનેક વિસ્તારોમાં મુશળધાર વરસાદ વરસી રહ્યો છે, ત્યારે મેઘમહેરના કારણે નદીઓમાં ઘોડાપૂર જેવી સ્થિતિ છે. તેવામાં આજે રવિવારે બનાસ નદીમાં એક યુવક ફસાયેલો હોવાની જાણ સ્થાનિક વહીવટીતંત્ર અને જીલ્લાઈફ્ફ્રની ટીમ દ્વારા જોખમી ઓપરેશન થકી યુવકનો જીવ બચાવીને લેવામાં આવ્યો



હતો. રાજ્યમાં આજે (૭ સપ્ટેમ્બર) સવારે ૬ વાગ્યાથી ૨ વાગ્યા સુધીમાં ૨૧૧ તાલુકામાં વરસાદ ખાબક્યો છે. જેમાં સૌથી વધુ બનાસકાંઠા જિલ્લાના સુઈગામમાં ૮.૨૭ ઈંચ વરસાદ ખાબક્યો છે. આ સાથે બનાસકાંઠાના વાવ, થરાદ, દિયોદર, ભાભર, દાંતા સહિતના વિસ્તારોમાં ૨-૨ ઈંચથી વધુ વરસાદ ખાબક્યો છે. જિલ્લામાં ધોધમાર વરસાદ થતાં નદીઓમાં ઘોડાપૂર જેવી સ્થિતિ સર્જાઈ છે. ભારે વરસાદી માહોલ વચ્ચે લોકોને સુરક્ષિત જગ્યાએ રહેવા તંત્રએ અપીલ કરી છે. દેશના મોટાભાગના રાજ્યો સારો એવો વરસાદ ખાબક્યો છે, ત્યારે રાજસ્થાન અનેક વિસ્તારોમાં ધોધમાર વરસાદ વરસી રહ્યો છે. જેમાં ઉદયપુરમાં ભારે વરસાદના કારણે હાહાકારની સ્થિતિ છે. ક્યાંક પુલ તૂટ્યા છે તો ક્યાંક લોકોના ઘરમાં પાણી ધસી આવ્યા છે. તેવામાં અતિભારે વરસાદને પગલે આયડ નદી બંને કાંઠે વહેવા લાગી છે. જેમાં નદીના પાણીના પ્રવાહ વચ્ચે એક યુવક ૭ કલાકથી ફસાયો હોવાનું સામે આવ્યું હતું. સમગ્ર ઘટનાને લઈને આર્મીએ ડ્રોનની મદદથી મોટું દોરડું યુવક સુધી પહોંચાડીને યુવકનું સફળતાપૂર્વક રેસ્ક્યૂ કર્યુ હતું. જેમાં ઉદયપુરમાં ભારે વરસાદના કારણે હાહાકારની સ્થિતિ છે. ક્યાંક પુલ તૂટ્યા છે તો ક્યાંક લોકોના ઘરમાં પાણી ધસી આવ્યા છે. તેવામાં અતિભારે વરસાદને પગલે આયડ નદી બંને કાંઠે વહેવા લાગી છે. જેમાં નદીના પાણીના પ્રવાહ વચ્ચે એક યુવક ૭ કલાકથી ફસાયો હોવાનું સામે આવ્યું હતું. સમગ્ર ઘટનાને લઈને આર્મીએ ડ્રોનની મદદથી મોટું દોરડું યુવક સુધી પ હોંચાડીને યુવકનું સફળતાપૂર્વક રેસ્ક્યૂ કર્યુ હતું.

#### કોઝવે ધોવાતા વાહનોને ડાયવર્ઝન અપાયું

## મહેસાણાના ધરોઇ ડેમમાંથી પાણી છોડાતા કોઝવે ધોવાયો

। (એજન્સી) નવી દિલ્હી, તા.૮ ।

સતલાસણા-વડાલી નદીનો કોઝવે સંપૂર્ણ ધોવાયો છે, કોઝવે ધોવાતા વાહનોને ડાયવર્ઝન અપાયું છે અને RCC રોડના પડ પણ નદીમાં ધોવાઈ ગયા છે, નદીના બંન્ને છેડે પોલીસ બંદોબસ્ત ગોઠવાયો છે, ડેમમાંથી પાણી છોડાતા કોઝવે ધોવાયો હોવાની વાત સામે આવી છે, તો સ્થાનિકોનો આક્ષેપ છે કે, પાણી છોડાય છે ત્યારે દર ચોમાસાની અંદર કોઝવે ધોવાઈ જાય છે. ધરોઈ ડેમના ૮ ગેટ ખોલ્યા હતા ત્યારે સંપૂર્ણ કોઝવે પાણીમાં ગરકાવ થઈ ગયો હતો અને ત્યારે ડેમના હાલમાં ૨ ગેટ ખુલ્લા રહેતા પાણી ઓસર્યા છે, સતલાસણા થી વડાલી રોડનો નદીનો કોઝવે સંપૂર્ણ ધોવાયો અને હાલમાં વાહનોને ડાયવર્ઝન આપવામાં આવ્યું છે, ડામર રોડના પોપડા ઉખડી ગયેલા જોવા મળ્યા છે, RCC રોડના પડ પણ નદીમાં ધોવાઈ ગયા છે, ત્યારે જ્યારે સાવચેતીના ભાગરૂપે નદીના બન્ને છેડે બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે.

હાલમાં સતલાસણાથી વડાલી જવા આવવા માટે હડોલ, વલાસણા ઈડર થઈને વડાલી સુધીનું ડાયવર્ઝન આપવામાં આવ્યું છે, ધરોઈ ડેમના સંપૂર્ણ ગેટ બંધ થયા પછી જ નવો રોડ બનાવવામાં આવશે.

ધરોઈ ડેમના બે ગેટ ખોલી પાણી છોડાયું છે અને ડેમમાં પાણીની આવક ૨૦૮૮ ક્યુસેક નોંધાઈ છે, ૬૬૭૨ ક્યુસેક પાણી સાબરમતી નદીમાં છોડાયું છે અને સાબરમતી નદી વિસ્તારના ગામોને એલર્ટ કરાયા છે, ધરોઈ ડેમમાં પાણીનો જથ્થો ૮૪.૭૬ ટકા અને ધરોઈ ડેમની હાલની જળ સપાટી ૬૧૭.૯૭ ફૂટ નોંધાઈ છે, સ્થાનિકોને સાબરમતી નદીમાં ન જવા તંત્ર દ્વારા અપીલ કરવામાં આવી છે. ધરોઈ ડેમના બે ગેટ ખોલી પાણી છોડાયું છે અને ડેમમાં પાણીની આવક ૨૦૮૮ ક્યુસેક નોંધાઈ છે, ૬૬૭૨ ક્યુસેક પાણી સાબરમતી નદીમાં છોડાયું છે અને સાબરમતી નદી વિસ્તારના ગામોને એલર્ટ કરાયા છે, ધરોઈ ડેમમાં પાણીનો જથ્થો ૮૪.૭૬ ટકા અને ધરોઈ ડેમની હાલની જળ સપાટી ૬૧૭.૯૭ ફૂટ નોંધાઈ છે, સ્થાનિકોને સાબરમતી નદીમાં ન જવા તંત્ર દ્વારા અપીલ કરવામાં આવી છે. ધરોઈ ડેમના બે ગેટ ખોલી પાણી છોડાયું છે અને ડેમમાં પાણીની આવક ૨૦૮૮ ક્યુસેક નોંધાઈ છે, ૬૬૭૨ ક્યુસેક પાણી સાબરમતી નદીમાં છોડાયું છે અને સાબરમતી નદી વિસ્તારના ગામોને એલર્ટ કરાયા છે, ધરોઈ ડેમમાં પાણીનો જથ્થો ૮૪.૭૬ ટકા અને ધરોઈ ડેમની હાલની જળ સપાટી ૬૧૭.૯૭ ફૂટ નોંધાઈ છે, સ્થાનિકોને સાબરમતી નદીમાં ન જવા તંત્ર દ્વારા અપીલ કરવામાં આવી છે.

### મહામેળા દરમિયાન વીડિયો વાયરલ થતા ભક્તોમાં ભારે નારાજગી : યોગી દેવનાથે કાર્યવાહી કરવાની માંગ કરી

# ભાદરવી પૂનમના મેળામાં લાગેલા સેવા કેમ્પમાં અશ્લીલ નૃત્ય

। (એજન્સી) અંબાજી, તા.૮ ।

બનાસકાંઠા સ્થિત આદ્યશક્તિ મા જગદંબાના ભક્તો માદરવી પૂનમના મેળા રંગેચંગે સપન્ન થયો. લાખો ભક્તોની સેવા માટે અહીં રસ્તા પર ડગલે ને પગલે સેવા શિબિર ને સેવા કેમ્પ લગાવવામાં આવ્યા હતા. પરંતુ એક સેવા કેમ્પમાં સાંસ્કૃતિક કાર્યક્રમોના નામે ફિલ્મી ગીતો પર નાચવાથી વિવાદ સર્જાયો છે. ગુજરાતના યોગી દેવનાથ બાપુએ સોશિયલ મીડિયા પર વાયરલ થયેલા વીડિયોની નોંધ લીધી છે અને કાર્યવાહીની માંગ કરી છે.

ઉત્તર પ્રદેશ અને બિહારમાં ધાર્મિક કાર્યક્રમોમાં ફિલ્મી ગીતો પર અશ્લીલ નૃત્યના વીડિયો ઘણીવાર વાયરલ થાય છે, પ રંતુ ગુજરાતમાં આવા બે કિસ્સા પણ પ્રકાશમાં આવ્યા છે. જ્યાં એક ધાર્મિક કાર્યક્રમ દરમિયાન મહિલા નર્તકોને બોલાવીને ફિલ્મી ગીતો પર નાચવા માટે મજબૂર કરવામાં આવી હતી. આ કિસ્સાઓ પ્રકાશમાં આવ્યા બાદ, ગુજરાતના યોગી તરીકે ઓળખાતા મહંત યોગી દેવનાથ બાપુએ ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવી પાસેથી કડક કાર્યવાહીની માંગ કરી છે. વાસ્તવમાં, ગુજરાતના બનાસકાંઠામાં સ્થિત શક્તિપીઠ આદ્યશક્તિ મા જગદંબાની ખૂબ જ પૂજા કરવામાં આવે છે. દર વર્ષે ભાદ્રપદ મહિનાની પૂર્ણિમાના દિવસે ભાદરવી પૂનમનો મેળો યોજાય છે. આ મેળાના સેવા શિબિરમાં ફિલ્મી ગીતો પર નૃત્ય કરવાની ઘટનાઓ સામે આવી છે.





ભાદરવી પૂનમનો મેળો સામાન્ય રીતે ઓગસ્ટ-સપ્ટેમ્બરમાં આવે છે. આ વર્ષે આ મેળો ૧ સપ્ટેમ્બરથી ૭ સપ્ટેમ્બર સુધી યોજાયો હતો. જેમાં ૭ સપ્ટેમ્બર પૂનમના દિવસે મેળાનો અંતિમ દિવસ હતો. આ સમય દરમિયાન મા જગદંબાના ભક્તોની ભારે ભીડ અંબાજી પહોંચી હતી. સરકારે આ મોટા કાર્યક્રમ માટે ખૂબ તૈયારીઓ કરી હતી, પ રંતુ યુપી-બિહારની જેમ, સેવા શિબિરોમાં અશ્લીલ નૃત્યને લઈને વિવાદ ઉભો થયો છે. આ મેળા દરમિયાન મા જગદંબાના ભક્તો સેંકડો કિલોમીટર ચાલીને અંબાજી પહોંચે છે અને પોતાની મનોકામનાઓ પૂછે છે. હિન્દુ સંસ્કૃતિમાં ભાદરવી પૂનમનું ખૂબ મહત્વ છે. હાલ સોશિયલ મીડિયા પર એક સેવા કેમ્પમાં અશ્લીલ નૃત્યનો વીડિયો વાયરલ થયો છે. સોશિયલ મીડિયા પર આયોજકો સામે કાર્યવાહીની માંગ કરવામાં આવી રહી છે. આ સવાલ પણ ઉઠી રહ્યો છે કે ગુજરાત સરકારના પ્રવાસન વિભાગના સાંસ્કૃતિક વિભાગના અધિકારીઓ શું કરી રહ્યા છે? સોશિયલ મીડિયા પર પોસ્ટ કરાયેલા વીડિયોમાં લખ્યું છે કે આ ગુજરાત છે? એક ઘટના પ ાટણ જિલ્લામાંથી નોંધાઈ રહી છે જ્યાં વક્ત વેસ્ટ ના બેકરર કી બાતેં મેં કીજીયે ગીત પર નૃત્ય કરવામાં આવ્યું હતું, જ્યારે બીજી ઘટના હારિજમાં બની હતી. અહીં મુન્ની બદનામ હુઈ ગીત પર ખૂબ નૃત્ય કરવામાં આવ્યું હતું.

### જનરલ કોચમાં મુસાફરોને ગુમરાહ કરનાર નકલી ટીટીઈ ઝડપાયો

। (રેલવે) અમદાવાદ, તા.૮ ।

રેલવે હેલ્પલાઈન પોર્ટલ પર મળેલી ફરિયાદ સંદર્ભ નંબર ૨૦૨૫૦૯૦૭૦૨૩૪૪ મુજબ, ટ્રેન સંખ્યા ૧૬૬૧૩ના જનરલ કોચમાં વડોદરાથી અમદાવાદ વચ્ચે એક વ્યક્તિ દ્વારા પોતાને ટીટીઈ તરીકે રજૂ કરીને મુસાફરોને ગુમરાહ કરતો હોવાની માહિતી મળી હતી. આ ફરિયાદની તાત્કાલિક નોંધ લેતા, અમદાવાદ ડિવિઝનના વાણિજ્ય વિભાગના ડેપ્યુટી સ્ટેશન સુપરિન્ટેન્ડેન્ટ(Dy.SS/Comm) શ્રી સચિન જાદવ અને ટિકિટ ચેકિંગ સ્ટાફ શ્રી રાજેશે તત્પરતા,સતર્કતા,અને કાર્યક્ષમતાનો પરિચય આપીને આરપીએફ સ્ટાફની મદદથી તે શંકાસ્પદ વ્યક્તિને અમદાવાદ સ્ટેશન પર તાત્કાલિક પકડી લીધો. પ્રાથમિક પૂછપરછમાં તે વ્યક્તિએ પોતાનું નામ અમન પ્રકાશ હોવાનું જણાવ્યું હતું, પરંતુ તે કોઈ માન્ય રેલવે ઓળખપત્ર રજૂ કરી શક્યો ન હતો.

### ગોધરા નજીક એક મોટી ટ્રેન દુર્ઘટના ટળી!

# ભારે વરસાદને પગલે રેલવે ટ્રેકનું ધોવાણ થતાં એક મોટી ટ્રેન દુર્ઘટના ટળી હતી

### ડ્રાઈવરની સમયસૂચકતાએ અનેક લોકોના જીવ બચાવ્યા

। (એજન્સી) ગોધરા, તા.૮ ।

પંચમહાલ જિલ્લામાં ગોધરા નજીક એક મોટી ટ્રેન દુર્ઘટના ટળી છે, જેમાં એક ડ્રાઈવરની સમયસૂચકતા અને તત્કાલ નિર્ણયશક્તિએ અનેક લોકોના જીવ બચાવ્યા. આ ઘટના ગોધરાથી આણંદ તરફ જતી એક મેમુ ટ્રેન સાથે બની હતી.



ચોમાસાની ઋતુમાં ભારે વરસાદના કારણે રેલવે ટ્રેકનું ધોવાણ થઈ રહ્યું છે. આવી જ એક ઘટના ટીંબા રેલવે સ્ટેશન નજીક બની હતી, જ્યાં ભારે વરસાદને કારણે રેલવે ટ્રેકનું મોટું ધોવાણ થયું હતું. આ સમયે, ગોધરાથી આણંદ તરફ જઈ રહેલી મેમુ ટ્રેનના પ ાયલોટને આ ટ્રેકના ધોવાણનો ખ્યાલ આવ્યો.

તેમણે તત્કાલ પરિસ્થિતિનું મૂલ્યાંકન કરીને ટ્રેનને સમયસર રોકી દીધી, જેના કારણે કોઈ મોટી દુર્ઘટના થઈ નહીં.

પાયલોટે ટ્રેન થોભાવીને રેલવેના ઉચ્ચ અધિકારીઓને આ ઘટનાની જાણ કરી. તત્કાલ રેલવેના કર્મચારીઓની ટીમ ઘટનાસ્થળે પહોંચી. તેમણે ટ્રેક પર થયેલા ધોવાણને સુધારવા માટે તાત્કાલિક મેટલનું પુરાણ શરૂ કર્યું. થોડા સમયમાં જ ટ્રેકને ફરીથી સુરક્ષિત બનાવવામાં આવ્યો, જેના બાદ મેમુ ટ્રેનને આગળ વધારવામાં આવી. આ ઘટના પરથી સ્પષ્ટ થાય છે કે મુસાફરી દરમિયાન પાયલોટની સમયસૂચકતા કેટલી મહત્વની હોય છે. તેમની તત્કાલ નિર્ણયશક્તિએ એક સંભવિત મોટી દુર્ઘટનાને ટાળી, જેનાથી અનેક મુસાફરોના જીવ બચી ગયા. આ પાયલોટની ફરજ પાલન અને સમજદારી ખરેખર પ્રશંસાને પાત્ર છે.

### નડીઆદ, વસો તથા મહુધા તાલુકા માટે દારૂખાના સંગ્રહ તથા વેચાણ માટે હંગામી પરવાના આપવામાં આવશે

। (માહિતી) નડીઆદ, તા.૮ ।

ઓકટોબર-૨૦૨૫માં આવતા દિવાળીના તહેવારો દરમ્યાન નડીઆદ, વસો તથા મહુધા તાલુકા માટે દારૂખાનાનું સંગ્રહ તથા વેચવા માટેના હંગામી પ રવાના સબ ડિવિઝનલ મેજીસ્ટ્રેટની કચેરી, નડીઆદ ખાતેથી આપ વામાં આવશે. આ માટે ઈચ્છુક અરજદારોએ તા.૦૮/૦૯/૨૦૨૫ થી તા.૦૩/૧૦/૨૦૨૫ સુધીમાં સંપૂર્ણ વિગતો સાથેની અરજીઓ ત્રણ નકલમાં સબંધિત મામલતદાર કચેરી ખાતે રજૂ કરવાની રહેશે. જિલ્લાના અરજદારોની સવલત ખાતર ફોર્મ એ.ઈ.-પની અરજીના નમૂના જે તે તાલુકાની મામલતદાર કચેરીમાં મોકલી આપવામાં આવેલ છે. જેથી દૂરના અને ગ્રામ્ય વિસ્તારના અરજદારોએ તેમના તાલુકાની મામલતદાર કચેરીનો સંપર્ક કરવો.અરજી નિયત નમૂના ફોર્મ એ.ઈ.-૫ ની ઉપર રૂા.૩/-ની કોર્ટ ફી સ્ટેમ્પ લગાવી તેની ત્રણ નકલમાં સબંધિત મામલતદારશ્રીની કચેરીએ તા.૦૮/૦૯/૨૦૨૫ થી તા.૦૩/૧૦/૨૦૨૫ સુધીમાં કરવાની રહેશે.

# યુવાને રૂપિયા માટે શહેરમાંથી બાઈક ચોરવાનું શરૂ કર્યું!

### અમદાવાદ શહેર પોલીસની ઝોન ૩ એલસીબીની ટીમે બાઇક ચોરી કરનાર યુવકની બાતમીના આધારે ધરપકડ કરી છે

। (એજન્સી) અમદાવાદ, તા.૮ ।

સરકારે ઓનલાઈન ગેમિંગ એપ પર પ્રતિબંધ મૂક્યો છે. પરંતુ તે પહેલા દેશભરના લાખો યુવાનો ઓનલાઈન ગેમિંગના રવાડે ચઢી ગયા છે. આ યુવકો ગેમમાં હારી જતા તેમના પર લાખોનું દેવુ થઈ ગયું છે. ત્યારે ઓનલાઈન ગેમની લતે એક અમદાવાદી યુવક ચઢ્યો હતો. વિશાલ યુવક ધીમે-ધીમે ઓનલાઈન ગેમમાં પૈસા હારી જતા પૈસા માટે અને વધુ ગેમ રમવા માટેથી બાઈક ચોરીના રવાડે ચડી ગયો હતો. અમદાવાદ શહેર પોલીસની ઝોન ૩ એલસીબીની ટીમે બાઈક ચોરી કરનાર યુવકની બાતમીના આધારે ધરપકડ કરી છે. સાથે જ તેણે ચોરી કરેલ પાંચ બાઈક કબજે કર્યા છે. જે બાઈક ચોરી કરીને મૂકી રાખ્યા હતા, બાદમાં તેને વેચવા જતા પોલીસના હાથે ઝડપાઈ ગયો હતો. જો આરોપી ચોરની મૉડસ ઓપરેન્ડીની વાત કરવામાં આવે તો, શહેરના પોશ વિસ્તારમાંથી બાઈકની ચોરી થતી હોવાનું સામે આવ્યું છે. ઝોન ૩ એલસીબીએ બાતમીના આધારે વાહન ચોરીના ગુનામાં વિશાલ દેસાઈ નામના યુવકની ધરપકડ કરી છે. વિશાલ ચોરીના બાઈક સસ્તા ભાવે વેચવા માટે ગ્રાહકોની શોધમાં હતો. આરોપીની પૂછપ રછમાં સામે આવ્યું કે, છેલ્લા કેટલાક સમયથી તે ઓનલાઈન ગેમના રવાડે ચઢી ગયો હતો. શરૂઆતના તબક્કામાં તેને ગેમ રમવાથી રૂપિયા મળતા તેને લત લાગી ગઈ હતી અને બાદમાં ગેમમાં રૂપિયા હારી ગયો હતો, જેથી તેને રૂપિયાની જરૂરિયાત પુરી કરવા માટેથી આ બાઈક ચોરીઓ કરતો હતો. બાઈક ચોરી કર્યા બાદ તે કોઈ પણ અવાવરૂં જગ્યાએ મૂકી દેતો હતો. અને તેને સસ્તામાં વેચી દેતો હતો જે પૈસા મળે તેનાથી ફરી ઓનલાઈન ગેમ રમતો હતો. ઝોન ૩ એલસીબીએ અત્યાર સુધીમાં ૫ ચોરી કરેલ બાઈક કબજે કર્યા છે. આરોપી મોટાભાગે જુની બાઈકની ચોરી કરવાનું વધારે પસંદ કરતો હતો.

### પશ્ચિમ રેલવે ચલાવશે અમદાવાદ અને બાંદ્રા ટર્મિનસ વચ્ચે સ્પેશ્યલ ટ્રેન

। (રેલવે) અમદાવાદ, તા.૮ ।

પશ્ચિમ રેલવે દ્વારા મુસાફરોની સુવિધા અને તહેવારોની સીઝન દરમિયાન તેમની મુસાફરીની માંગને પુરી કરવાના ઉદ્દેશ્યથી અમદાવાદ અને બાંદ્રા ટર્મિનસ સ્ટેશનો વચ્ચે વિશેષ ભાડા પર સાપ્તાહિક સ્પેશ્યલ ટ્રેન ચલાવવામાં આવશે. આ ટ્રેનની વિગતો નીચે મુજબ છે : ● ટ્રેન સંખ્યા ૦૯૪૪૨/૦૯૪૪૧ અમદાવાદ-બાંદ્રા ટર્મિનસ સ્પેશ્યલ ૮૪ ટ્રિપ્સ ટ્રેન સંખ્યા ૦૯૪૪૨ અમદાવાદ-બાંદ્રા ટર્મિનસ સ્પેશ્યલ મંગળવાર, ૧૬ અને ૨૩ સપ્ટેમ્બર, ૨૦૨૫ના રોજ અમદાવાદથી ૨૧:૧૫ કલાકે ઉપડશે અને બીજા દિવસે ૦૬:૦૦ કલાકે બાંદ્રા ટર્મિનસ પહોંચશે. તેવી જ રીતે ટ્રેનસંખ્યા ૦૯૪૪૧ બાંદ્રા ટર્મિનસ-અમદાવાદ સ્પેશ્યલ બુધવાર, ૧૭ અને ૨૪ સપ્ટેમ્બર, ૨૦૨૫ ના રોજ બાંદ્રા ટર્મિનસથી ૨૨:૫૦ કલાકે ઉપડશે અને બીજા દિવસે ૦૭:૪૦ કલાકે અમદાવાદ પહોંચશે.

### સુરત પોલીસનું સફળ ઓપરેશન

# મ્યાનમારની ગેંગના ત્રાસમાંથી બે ગુજરાતી યુવકોનો છુટકારો

### સુરત અને વડોદરાના યુવકોને સુરક્ષિત રીતે પાછા લવાયા

। (એજન્સી) સુરત, તા.૮ ।

બેંગકોકમાં ઊંચા પ ગારવાળી નોકરીના સપના જોનાર ગુજરાતના બે યુવકોને મ્યાનમારની એક ચાઈનીઝ ગેંગના ત્રાસમાંથી સુરત સાયબર પોલીસે એક ગુપ્ત ઓપરેશન કરીને સુરક્ષિત રીતે પાછા લાવ્યા છે. આ ઘટનાએ વિદેશમાં નોકરીના નામે ચાલતી માનવ તસ્કરી અને સાયબર ગુનાખોરીના એક મોટા કૌભાંડનો પર્દાફાશ કર્યો છે.

આ સમગ્ર મામલાની શરૂઆત ત્યારે થઈ જ્યારે સુરતના રાંદેર વિસ્તારમાં રહેતા ૨૪ વર્ષીય યુવક, જેણે બી.કોમ. સુધીનો અભ્યાસ કર્યો છે, તેને એક એજન્ટે બેંગકોકમાં સારી નોકરી અને ઊંચા પગારની લાલચ આપી. આકર્ષક ઓફરને કારણે ૨૦ જુલાઈના રોજ તે યુવક બેંગકોક જવા રવાના થયો. તેની સાથે વડોદરાનો એક અન્ય યુવક પણ આ જ રીતે ફસાયો હતો. યુવકો બેંગકોક એરપોર્ટ પર ઉતર્યા બાદ, તેમને ઉત્તર પ્રદેશ અને હૈદરાબાદના અન્ય ચાર યુવકો સાથે એક ગાડીમાં બેસાડવામાં આવ્યા. શરૂઆતમાં બધું સામાન્ય લાગતું હતું, પરંતુ થોડીવાર પછી તેમને ખ્યાલ આવ્યો કે આ ગાડી બેંગકોકથી ૪૦૦ કિલોમીટર દૂર મ્યાનમારની સરહદ તરફ જઈ રહી છે. રસ્તામાં વારંવાર ગાડીઓ બદલવામાં આવી, અને છેવટે એજન્ટે તેમને નદી પાર કરાવીને મ્યાનમારના ગાઢ જંગલોમાં ધકેલી દીધા. અહીં આ યુવકોને એક ચાઈનીઝ ગેંગના કબજામાં સોંપી દેવાયા, જ્યાં તેમને ગુલામ બનાવીને બળજબરીથી સાયબર છેતરપિંડીના કામો કરાવવામાં આવતા હતા. જો તેઓ કામ કરવાનો ઈનકાર કરતા તો તેમને ત્રાસ આપવામાં આવતો અને માર મારવામાં આવતો.

### ઝૂંપડા વીજળીકરણ યોજના-૨૦૨૫

# ખેડા જિલ્લામાં ઝૂંપડા વીજળીકરણ યોજના અંતર્ગત ₹ ૬.૦૮ કરોડના ૫૬૮૯ જોડાણ અપાયા

। (માહિતી) ખેડા, તા.૮ ।

રાજ્ય કે જિલ્લામાં ખેતી કે કામ સંદર્ભે ખેતરો કે છેવાડાના ઘરોમાં વસવાટ કરતા લોકોના જીવન અને ઘરમાં સરકાર અજવાળુ કરી રહી છે... !! આ સાથે ગરીબના ઘરમાં અજવાળું અને ખુશાલી આવે આ આશય સાથે સરકાર વિવિધ યોજનાઓ અમલી કરે છે અને આમાંની જ એક યોજના છે ઝૂંપડા વીજળીકરણ યોજના.... મધ્ય ગુજરાત વીજ કંપની લિમિટેડ દ્વારા ખેડા જિલ્લામાં ઝૂંપડા વીજળીકરણ યોજના તેમજ આદિજાતિ વિસ્તારમાં કુટીર જ્યોતિ યોજના અંતર્ગત નિયત ધારા ધોરણ પ્રમાણે લાભાર્થીઓને નિઃશુલ્ક વીજળીકરણની સહાય કરીને તેમના ઘરમાં અજવાળું કરવામાં આવે છે.... ઝૂંપડા વીજળી કરણ યોજના અંતર્ગત ગરીબ પરિવારોને રાજ્ય સરકાર દ્વારા નિશુલ્ક વીજળી જોડાણ આપવામાં આવે છે. આ ઉપ રાંત ખેતી તેમજ વસવાટ નિમિત્તે ખેતરો અને છેવાડાઓમાં વસતા લોકો માટે પણ નિયત માપદંડના આધારે આ યોજનાનો લાભ આપવામાં આવે છે. જે અંતર્ગત ખેડા જિલ્લામાં વર્ષ ૨૦૨૧ થી વર્ષ ૨૦૨૫-૨૫ સુધી ₹ ૬.૦૮ કરોડના ૫૬૮૯ વીજળી જોડાણ નિઃશુલ્ક કરી આપ વામાં આવ્યા છે. જ્યારે ચાલુ નાણાકીય વર્ષ ૨૦૨૫૨૬માં એપ્રિલ થી ઓગસ્ટમાં સુધી ૨૬માં રૂ. ૭૯.૯૭ લાખના ૬૫૮વીજળીના જોડાણ નિઃશુલ્ક આપવામાં આવ્યા છે.

### અંજલિ રુપાણી થયા ભાવુક

# વિધાનસભા પરિસરમાં પૂર્વ સીએમ વિજય રૂપાણીના ચલચિત્રનું અનાવરણ

### ચલચિત્ર અનાવરણ પ્રસંગે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ, વિધાનસભા અધ્યક્ષ શંકર ચૌધરી, રાજ્યના મંત્રીઓ હાજર રહ્યા હતા

। (એજન્સી) ગાંધીનગર, તા.૮ ।

ગુજરાત વિધાનસભા પરિસરમાં આજે એક ભાવનાત્મક ક્ષણ સર્જાઈ જ્યારે પૂર્વ મુખ્યમંત્રી સ્વ. વિજય રૂપ ાણીનું ચલચિત્ર અનાવરણ કરવામાં આવ્યું. રાજ્યના મુખ્યપ્રધાન તરીકે સેવા આપનારા નેતાની યાદને ચિરંજીવ બનાવવા માટે આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. ચલચિત્ર અનાવરણ પ્રસંગે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ, વિધાનસભા અધ્યક્ષ શંકર ચૌધરી, રાજ્યના મંત્રીઓ તથા ધારાસભ્યો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા. આ પ્રસંગે સ્વ. વિજય રૂપાણીના પરિવારજનો પણ ઉપસ્થિત રહ્યા. પત્ની અંજલિબેન રૂપાણી તથા પુત્ર ઋષભ રૂપાણીની હાજરીએ વાતાવરણ વધુ ભાવનાત્મક બનાવ્યું હતુ. અનાવરણ સમયે અંજલિબહેનની આંખો ભીની થઈ જતાં સમગ્ર હોલમાં શાંત અને સંવેદનાથી ભરેલો માહોલ સર્જાયો હતો. વિધાનસભા પોડિયમ પર પહેલાથી જ ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રીઓના ચલચિત્રો મૂકાયેલા છે. આજે આ હરોળમાં વિજય રૂપાણીનું ચલચિત્ર પણ ઉમેરાતા તેમની રાજકીય સફર અને રાજ્ય માટેનું યોગદાન હંમેશા યાદગાર બની રહેશે. વિજય રૂપાણીનો જન્મ ૨ ઓગસ્ટ ૧૯૫૬ના રોજ મ્યાનમારમાં થયો હતો અને બાદમાં તેમનું કુટુંબ રાજકોટ સ્થાયી થયું. તેઓ લાંબા સમય સુધી ભાજપ સાથે જોડાયેલા રહ્યા અને સંઘથી લઈને ભાજપ સંગઠન સુધી સક્રિય રહ્યા. તેઓએ રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં કાઉન્સિલર તરીકે કારકિર્દીની શરૂઆત કરી હતી અને બાદમાં ગુજરાત ભાજપના પ્રમુખ તેમજ રાજ્યના મુખ્યમંત્રી સુધીની સફર કરી હતી. ૨૦૧૬માં તેમણે આનંદીબેન પટેલના રાજીનામા બાદ મુખ્યમંત્રી પદ સંભાળ્યું હતું.

